Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ

## शार्दूलविक्रिडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને જીવદયા વસી મનવિષે, લક્ષ્મીતણો ગર્વ નહીં,
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંતિ ચિત્તતણી, જુવાની મદના, રોગે હણાયે નહીં,
એવા સુંદર શ્રેષ્ટ મુક્ત ગુણથી, શોધ્યે જડવશે મહી. ૧

પુસ્તક ૨૯ મું. આશ્વિન. સંવત ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૭ મો.

પ્રગટ કર્ત્તા.

### શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

### अनुक्रमणिका.


| | |
|---|---|
| ૧ નવો જમાનો. ... ... ... ૧૯૫ | ૭ શ્રી રાધનપુર જૈનમંડળનો બીજો વાર્ષિક રીપોર્ટ. ... ... ...૨૨૨ |
| ૨ શ્રી જ્ઞાનસાર સૂત્ર વિવરણ. ... ૧૯૭ | ૮ ગોઘામાં પત્રાળુ માટે સગવડ. ...૨૨૩ |
| ૩ બારમું પાપસ્થાનક (કલહ). ...૨૦૧ | ૯ વીશ સ્થાનક તપ સંબંધી બુકોની પહોંચ. ... ... ... ...૨૨૫ |
| ૪ ચતુર્થવ્રતોપરી નાગિલ કથા ... ૨૦૫ | ૧૦ પૈસા ખરચ્યા વિના સ્વર્ગે જવાનો એક રસ્તો... ... ... ... ...૨૨૫ |
| ૫ મેવાડ મારવાડનાં કેટલાંક તીર્થસ્થાનો. ૨૧૧ | |
| ૬ અહિંસા દિગ્દર્શન... ... ...૨૧૬ | |


શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कर्मप्रकृति

( कम्मपयडी. )

આ ગ્રંથ છપાઇને તૈયાર થયો છે. કર્મ સંબંધી આઠ કરણ વિગેરેનું જ્ઞાન મેળવવાના ઇચ્છકને માટે આ ગ્રંથ બહુજ ઉપયોગી છે. તે ઝવેરી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ ખાતે આપવામાં આવ્યો છે. તેઓ પોતાના રીવાજ અનુસાર ભેટ આપતા હશે તેમને ભેટ મોકલશે. બાકીનાઓને માટે પડતર કિંમત કરતાં લગભગ અરધી કિંમતના ધોરણને લઇને તેમણે ચૌદ આના કિંમત રાખેલી છે. ખરીદ કરવા ઇચ્છનારે મુંબઈ ઝવેરી જીવણચંદ સાકરચંદ ઉપર પત્ર લખવો અથવા સુરત મગનલાલ વેલચંદ ઉપર ઠેકાણું ગોપીપુરા કરીને પત્ર લખવો.

આ ગ્રંથ ઉપર બીજી ટીકા શ્રી યશોવિજયજી ઉપાધ્યાયની કરેલી છે. જે ઉદાર દિલના ગૃહસ્થને રૂ. ૮૦૦) લગભગ જ્ઞાનદાનમાં વાપરવાની ઇચ્છા હોય તે અમને જણાવશે તો તેને માટે પ્રયત્ન કરવામાં આવશે.

## લાઇફ મેમ્બરોને ખાસ વિજ્ઞપ્તિ.

લાઇફ મેમ્બરને ભેટ આપવાના ગ્રંથો બુકના આકારે બંધાવતાં તેનું બંધામણ વધારે પડતું બેઠેલું હોવાથી જેઓ બુકાકારે ગ્રંથો મોકલવા જણાવે છે તેમની પાસેથી બંધામણ તરીકે એકંદર રૂ ૧-૭-૦ લેવામાં આવે છે. તે તે ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં સહાય આપનાર ગૃહસ્થો પાસેથી બુકોનું બંધામણ લેવામાં આવ્યું નથી. તેથી બહારગામના લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો મોકલતાં પોસ્ટેજ ઉપરાંત તેટલી રકમ મંગાવવામાં આવે છે. **તંત્રી.**

## નીચેના ગ્રંથો કિંમતથી મંગાવનારને માટે નીચે પ્રમાણે ભાવ રાખવામાં આવ્યા છે.

| | | કિંમત. | પોસ્ટેજ. |
|---|---|---|---|
| ૧ | શ્રી પંચાશક ગ્રંથ સટીક. ફા. ૫૦ શ્લોક ૧૦૦૦૦ | રૂ ૨॥ | ०।= |
| ૨ | શ્રી કર્મગ્રંથ ટીકા યુક્ત વિભાગ ૨ જો. ફા. ૪૦ શ્લોક ૮૦૦૦ | રૂ ૨) | ०। |
| ૩ | શ્રી જ્ઞાનસાર ટીકાયુક્ત. ફા. ૧૪ શ્લોક ૩૦૦૦ | રૂ ०॥। | ०)=॥ |
| ૪ | શ્રી પરિશિષ્ટ પર્વ. ફા. ૨૨ શ્લોક ૪૦૦૦ | રૂ ૧) | ०)≡। |
| ૫ | શ્રી પ્રમેયરત્નકોષ. ફા. ૬ શ્લોક ૧૨૦૦ | રૂ ०। | ०)= |
| ૬ | શ્રી પ્રકરણો વિગેરેના સ્તવનાદિનો સંગ્રહ. | રૂ ०॥ | ०)=॥ |
| ૭ | શ્રીધનપાળ પંચાશિકા. ટીકા અર્થયુક્ત. | રૂ ०)≡ | ०)॥ |
| ૮ | વસ્તુપાલ ને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ. | રૂ ०)≡ | ०)॥ |

બહારગામથી મંગાવનારને પોસ્ટેજ ઉપરાંત એક આનો વેલ્યુપેબલનો લાગશે

For Private And Personal Use Only

# जैन धर्म प्रकाश.

भो भो भव्याः प्रदीप्तभवनोदरकल्पोऽयं संसारविस्तारो निवासः शारीरादिदुःखानां । न युक्त इह विदुषः प्रमादः । अतिदुर्लभेयं मानुषावस्था । प्रधानं परलोकसाधनं । परिणामकटवो विषयाः । विप्रयोगान्तानि सत्सङ्गतानि । पातभयातुरमविज्ञातपातमायुः । तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य संसारप्रदीपनकस्य यत्नः कर्तव्यः । तस्य च हेतुः सिद्धान्तवासनासारो धर्ममेघः । अतः स्वीकर्तव्यः सिद्धान्तः । सम्यक् सेवितव्यास्तदभिज्ञाः । भावनीयं मुण्डमालिकोपमानं । त्यक्तव्या खल्वसदपेक्षा । भवितव्यमाज्ञाप्रधानेन । उपादेयं प्रणिधानं । पोषणीयं सत्साधुसेवया । रक्षणीयं प्रवचनमालिन्यं । एतच्च विधिप्रवृत्तः संपादयति । अतः सर्वत्र विधिना प्रवर्तितव्यं । सूत्रानुसारेण प्रत्यभिज्ञातव्यमात्मस्वरूपं । प्रवृत्तावपेक्षितव्यानि निमित्तानि । यतितव्यमसंपन्नयोगेषु । लङ्घयितव्या विस्रोतसिका । प्रतिविधेयमनागतमस्याः । भवन्त्येवं प्रवर्तमानानां सोपक्रमकर्मविलयः । विच्छिद्यते निरुपक्रमकर्मानुबन्धः । तस्मादत्रैव यतध्वं यूयमिति ॥

। उपमितिभवप्रपञ्चा कथा ।

પુસ્તક ૨૯ મું. આશ્વિન. સં. ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૭ મો.

## नवो जमानो.

### आपणी अवनतिनां कारणो.

ચાલ બેલીરે અંબેમાત જોવાને જઈએ—એ રાગ.

આહા ! આર્યબંધુ શું આજ ? અધમ દશા જાગી;
કુળધર્મ કર્મ આચાર, ચાલ્યાં શિખ માગી. ટેક.
નીચ ઉંચ હોટલમાં ભેગા, જમે પંગત એક ભાણેરે;
ન્યાત જાતનો ભેદ રહ્યો નહિ, ભક્ષાભક્ષ ન જાણે. અધમ૦ ૧
નાટક ચેટક જોવા રાત્રે, જાય મળી નરનારીરે;
વ્યભિચારનો પાર રહ્યો નહિ, શું કહીએ વિસ્તારી ? અધમ૦ ૨

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેળવણીમાં થઇ ભેળવણી, અનાચારની ભુંડીરે;
નામ સુધારે વિશ્વ વટાળ્યું, આર્યની થઇ મતિ કુડી. અધમ૦ ૩
સુકુળા કન્યા નીચને પરણે, સ્વેચ્છાચારે ચાલેરે;
ભણ્યું ગણ્યું બોળી દરીયામાં, પૂર્વજને પરજાળે. અધમ૦ ૪
મા મૂળો ને બાપા ગાજર, પ્રજા શકરકંદ પાકેરે;
કહે વર્ણશંકર આ તેને, આર્યપણું શું રાખે? અધમ૦ ૫
વાતાવરણ વિલક્ષણ જ્યાં ત્યાં, સ્વતંત્રતાનું ચાલ્યુંરે;
ફેશિનની ફિશિઆરી વધી ગઇ, ચાહાએ નખોદ વાળ્યું. અધમ૦ ૬
ગયાં પગરખાં ધોતીજોટા, ગયાં પાઘડી ખેસરે;
થયાં બુટ પાટલુન ને ટોપી, રાખે રૂમાલ બેશ. અધમ૦ ૭
કોટ ખમીશ જેકીટ ને ચશ્મા, કલર કાલર ઘડિઆળરે;
હાથમાં સોટી ચમચમ ચાલે, વરણાગીમાં વાળ. અધમ૦ ૮
સોડા લેમન ચિરૂટનો ચસ્કો, વિદેશનો વા વાયોરે;
પૈસાની પેદાશ મળે નહિ, હિંદ ભિખારી કહાયો. અધમ૦ ૯
જાહેરમાં લાંબા ભાષણથી, ગાય સુધારો નામરે;
પગ નીચે બળતું નવ ભાળે, બગ ઠગ સાધે કામ. અધમ૦ ૧૦
કુળ મરજાદ તજી ભામનીઓ, સ્વેચ્છાચારે ચાલેરે;
મેળે ખેલે પરઘર ભટકે, જ્યાં ત્યાં માથું ઘાલે. અધમ૦ ૧૧
આછાં ઝીણાં વસ્ત્ર અછકલાં, સજી દાખે તન સુરતીરે;
નિર્લજ અંગોપાંગ બતાવે, માનું દિગમ્બર મૂર્તિ. અધમ૦ ૧૨
અધુના ખોટી સ્વતંત્રતા બહુ, માનનીઓમાં ચાલીરે;
અધમદશાનું પ્રબળ એ કારણ, જે વ્યભિચાર પ્રનાળી. અધમ૦ ૧૩
પરવશ ત્રણે અવસ્થા સ્ત્રીની, બાળા માવિત્ર પાળેરે;
તરૂણપણે પતિ પ્રવશ પનોતી, ઘડપણ સુત સંભાળે. અધમ૦ ૧૪
આજકાલ અતિ મોજ શોખથી, થઇ પ્રજા મતિહીણરે;
ધર્મ કર્મ આચાર રહ્યા નહિ, થયા વિવેક વિહીન. અધમ૦ ૧૫
પાણ પૂર્વજનાં દેશ કોમનાં, ભાવો ધર્માભિમાનરે;
દેશ કોમ ને ધર્મના ખોયા, યવન રાજ્યમાં પ્રાણ. અધમ૦ ૧૬
પ્રાણને સાટે ધર્મને રાખી, વારસો તમને સોંપ્યોરે;
મોજ શોખમાં ધર્મ ગુમાવ્યો, કળિયુગ રાજા કોપ્યો. અધમ૦ ૧૭
વિબુધ દેશનો વેષ તજે નહિ, દેશ તજે દુઃખ આવ્યેરે;
કષ્ટ પડ્યે અણ ધર્મ તજે નહિ, સુખ દુઃખ સહે સમભાવે. અધમ૦ ૧૮

For Private And Personal Use Only

માટે મિત્રો આ હિતશિક્ષા, મનન કરો સહુ પ્રીતેરે;
ધર્મ કર્મ ને કુલ મરજાદા, ચલવો પૂર્વજ રીતે. **અધમ૦ ૧૯**
નામ સુધારો તેહ સુધારો, સાચો સૌ આદરજોરે;
સંપ જંપથી શુભ નીતિ પંથે, **સાંકળચંદ** સંચરજો. **અધમ૦ ૨૦**

---

# श्री ज्ञानसार सूत्र विवरण.

## निर्भयाष्टकम्. (१७)

મધ્યસ્થતાને ધારણ કરનાર સત્વવંત પ્રાણી સત્ય પક્ષનોજ સ્વીકાર કરે છે. તેમ કરતાં તે કશો ભય લેખતા નથી. નિર્ભયપણે તે સત્ય વાતજ માને છે અને કરે છે. તેમજ વળી જેમની અનાદિ ભય સંજ્ઞા તૂટી ગઇ છે અને તેથીજ જે નિર્ભયપણે વિચરેછે, એવા સત્પુરૂષો ધારે તેટલું નિષ્પક્ષપાતપણું દાખવી શકે છે. આ રીતે પૂર્વાપર સંબંધવાળું **નિર્ભયાષ્ટક** હવે શાસ્ત્રકાર વખાણે છે.

**यस्य नास्ति परापेक्षा, स्वभावाद्वैतगामिनः ॥**

**तस्य किं न भयभ्रान्ति-क्लान्तिसंतानतानवं ॥ १ ॥**

**ભાવાર્થ**—જેને કોઇની કંઇપણ પરવા નથી એવા એક સરખા ઉદાસીન સ્વભાવવાળા મહાપુરૂષને ભયભ્રાંતિજન્ય કષ્ટ પરંપરા હોયજ કેમ? મધ્યસ્થ-દૃષ્ટિ મહાપુરૂષ સદા નિર્ભય-ભયભ્રાંતિથી મુક્તાજ રહે છે. ૧

**વિવે૦**—મધ્યસ્થતા કહો કે નિષ્પક્ષપાતપણું કહો કે રાગદ્વેષ રહિત સમભાવ કહો તે પ્રાપ્ત થવાથી પારકી આશા તૃષ્ણા બહુધા છેદાઇ જાય છે, તેથી જે નિસ્પૃહ-સ્પૃહારહિતપણે શુદ્ધ ચારિત્ર ધર્મમાંજ રમણતા કરે છે-પરપુદ્ગલિક ભાવમાં પેસારો કરતાજ નથી તેને મૂઢ-અજ્ઞાની-પરસ્પૃહાવંત પ્રાણીની જેમ નાના પ્રકારના ભય સંબંધી તેમજ વિવિધ પ્રકારની આધિ વ્યાધિ અને ઉપાધિ સંબંધી કષ્ટની પરંપરા પ્રાપ્ત થતીજ નથી. કષ્ટ માત્ર પરસ્પૃહાવડે દ્વૈતભાવ-રાગદ્વેષ કરવાથીજ થાય છે. આ બાબત શાસ્ત્રકારેજ અન્યત્ર કહ્યું છે કેઃ—

**“ परस्पृहा महा दुःखं, निस्पृहत्वं महा सुखं ।**

**एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ”**

**( निस्पृहताष्टके )**

મતલબ કે પારકી આશા-તૃષ્ણાજ મહા દુઃખદાયી છે અને નિરાશીભાવ-નિસ્પૃહતાજ મહા સુખદાયી છે. એ રીતે સંક્ષેપથી સુખદુઃખનું લક્ષણ જાણી નિર્ભય એવા સુખનેજ સદા ગવેષવો જોઇએ એમ શાસ્ત્રકાર આગળ જણાવે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भयं सौख्येन किं भूरि–भयज्वलनभस्मना ॥
सदा भयोज्झितं ज्ञानं, सुखमेव विशिष्यते ॥२॥

**ભાવાર્થ**—ભારે ભયથી ભરેલા સંસારસુખથી શું ? તેથી સર્યું. ભય ભરેલું સુખ તે દુઃખરૂપજ છે. સર્વથા ભય રહિત સહજ આત્મિક સુખજ સુખરૂપ ગણવા યોગ્ય છે. આધિ વ્યાધિ અને ઉપાધિજન્ય દુઃખથી ભરેલા સંસારમાં સુખ માત્ર નામનુંજ છે. જન્મમરણથી મુક્ત કરે એવું સ્વાભાવિક જ્ઞાનસુખજ સાચું છે. ૨

**વિવે૦**—અનેક પ્રકારના સંતાપ ઉપજાવે એવા ભયથી ભરેલા 'મધુ બિંદુ' જેવા–નહિ જેવા ક્ષણિક અને કલ્પિત સાંસારિક સુખ મેળવવા નકામો ક્લેશ ઉઠાવવો શા કામનો છે ? ' મધુ બિંદુ ' જેવાં વિષય સુખ મેળવવા જતાં જીવને કેવાં કેવાં અને કેટલાં કેટલાં કષ્ટ સહેવા પડે છે અને તેવે તેવે પ્રસંગે કેટલાં કેટલાં કડવા અનુભવો કરવા પડે છે, તેનો અત્ર સવિસ્તર ઉલ્લેખ કરવાની જરૂર નથીઃ કેમકે એ સહુને પ્રત્યક્ષ જેવુંજ છે. તેમ છતાં તે સુખ ક્ષણમાત્રમાં હતું ન હતું થઇ જનારૂં અને બદલામાં ભારે સંક્લેશ ઉપજાવનારૂં થઇ પડે છે. ' મધુ બિંદુ ' ની પેરે તેમાં એકવાર ક્ષણભર પણ જીવ લોભાયો તો પછી તેમાંથી તે કેમે છૂટી શકતો નથી. જો કે જીવ બાપડો સુખબુદ્ધિથી તેમાં પ્રવર્તે છે પણ ઉલટો તેમ કરતાં અનેક જાતનાં કષ્ટનેજ અગણિત વાર અનુભવ્યા કરે છે. એટલા માટે એકાંત હિતબુદ્ધિથી ઉપગારી મહાત્માઓ જીવને શિખામણ આપે છે કે જો તને ખરૂં સુખજ પ્રિય હોય તો જેમાં કશો ભયજ રહ્યો નથી એવા સમ્યગજ્ઞાનનોજ તારે આશ્રય કરવો જોઇએ. એ સુખને કોઇ ચોર ચોરી શકે એમ નથી, અગ્નિ બાળી શકે એમ નથી, જળ ડુબાડી શકે એમ નથી, તેમ રાજા લૂંટી શકે કે સંબંધીઓ ભાગ પડાવી શકે એમ નથી. એ જ્ઞાનજનિત સુખ સદાય આપણી સાથેજ રહે એવું સ્વભાવિક છે. વળી જ્ઞાનીઓએ કહ્યું છે કે એવું જ્ઞાન, સમુદ્રમાંથી નહિ ઉત્પન્ન થયેલું એવું અપૂર્વ અમૃત છે, ઔષધ-વગરનું રસાયણ છે અને હદવગરનું ઐશ્વર્ય છે. તેથીજ તેને કશો ભય રહેતો નથી એટલે નિર્ભય છે, અને મોક્ષાર્થી જનોએ અવશ્ય આદરવા યોગ્ય છે. એવા ઉત્તમ જ્ઞાનની સહાયથી જેમને વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય છે તેવા મુનિજનોને કશો ભય રહેતોજ નથી એમ શાસ્ત્રકાર બતાવે છે. ૨

न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ॥
क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः ॥ ३ ॥

**ભાવાર્થ**—સમ્યગ જ્ઞાનવડે જ્ઞેય–પદાર્થને યથાર્થ જોનાર મુનિને ભય રાખવાનું શું પ્રયોજન છે ? સહજ સુખમાં ઝીલી રહેલ. મુનિને પુદ્‌ગલિક સુખનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયોજન નથી. પુદ્‌ગલ ઉપરથી મૂર્છા ઉઠી જવાથી સહજ નિવૃત્તિ સુખ સંપજે છે. ૩

**વિવે૦**—તત્ત્વવેદી ( આત્મજ્ઞાની ) મહા પુરૂષોને કાંઇપણ કદાપિ ક્યાંય ગોપવવા યોગ્ય હોતું નથી, તેમજ લોક-દેખાવો કરવા યોગ્ય હોતું નથી; વળી કંઇ તજવાયોગ્ય હોતું નથી, તેમ કશું લેવા-દેવાયોગ્ય પણ હોતું નથી. કેમકે તત્ત્વજ્ઞાનયોગે જાણવાનું જાણીને મહાત્મા પોતે નિર્ભયપણે સ્વરૂપસ્થિત થઇ રહે છે. તેઓ નાગરાજની પેરે કોઇનો કશો ડર રાખતાજ નથી. એજ વાત શાસ્ત્રકાર સ્પષ્ટ કરી બતાવે છે. ૩.

**एकं ब्रह्मास्त्रमादाय, निघ्नन् मोहचमूं मुनिः ॥**
**बिभेति नैव संग्राम-शीर्षस्थ इव नागराट् ॥ ४ ॥**

**ભાવાર્થ**—નિર્મળ જ્ઞાનરૂપી-શસ્ત્રને ધારી, મોહની ફોજનો ઘાત કરનાર મુનિ સંગ્રામના મોખરે ઉભેલા હાથીની પેરે લગારે બીતા નથી. તે તીક્ષ્ણ જ્ઞાનધારાવડે સાવધાનપણે સકળ મોહસુભટોને વિદારી નાંખી શિવશ્રીને સંપાદન કરે છે. ૪

**વિવે૦**—પરમાત્મ-સ્વરૂપ ચિંતવનરૂપ એક દિવ્ય શક્તિનું આલંબન ગ્રહી અધ્યાત્મવેદી મહા પુરૂષ, વિષય કષાયાદિક મોહ રાજાના મહા સૈન્યનો સંહાર કરતો સંગ્રામના મોખરે ઉભેલા મયગળ ( હાથી ) ની પેરે લગારે ડરતો નથી. પણ પૂરી હિંમતથી મોહ રાજાની સામે યુદ્ધ કરતો મોહના સૈન્યને ચકચૂર કરી અંતે પોતે જય પતાકા મેળવે છે. આવા જ્ઞાની મહાપુરૂષને ભય હોવો ઘટેજ નહિં એ વાત દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે.

**मयूरीज्ञानदृष्टिश्चेत्, प्रसर्पति मनोवने ॥**
**वेष्टनं भयसर्पाणां, न तदानंदचंदने ॥ ५ ॥**

**ભાવાર્થ**—જેના મનમાં ખરી જ્ઞાનકળા જાગી છે તે સદા ભયરહિત આનંદમાં મસ્ત રહે છે; જે વનમાં મયૂરો વિચરે છે ત્યાં ભુજંગનો ભય હોયજ કેમ? જ્યાં કેસરી ક્રિડા કરતો હોય ત્યાં ગજનો પ્રચાર સંભવેજ કેમ? જ્યાં જળહળતો સૂર્ય ઉદય પામ્યો હોય ત્યાં અંધકાર રહેવા પામેજ કેમ? તત્ત્વદૃષ્ટિ પણ તેવીજ પ્રભાવવાળી છે. ૫

**વિવે૦**—પરમાર્થ પ્રગટ સમજાય તેવો છે. ૫

**कृतमोहास्त्रवैफल्यं, ज्ञानवर्म बिभर्त्ति यः ॥**
**क भीस्तस्य क वा भंगः, कर्मसंगरकेलिषु ॥ ६ ॥**

**ભાવાર્થ**—મોહાસ્ત્રને નિષ્ફળ કરવા સમર્થ જ્ઞાનબખ્તર જેણે ધાર્યું છે તેને કર્મસંગ્રામમાં ભય કે ભંગ હોયજ શાનો? તત્ત્વદૃષ્ટિને મોહનો ભયજ નથી. તે ગમે તેવા વસમા યા વિષમ સંયોગોમાંથી સાવધાનપણે પસાર થઇ જાય છે. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**વિવે૦**—'હું અને મારૂં' એ મોહનો મહામંત્ર છે. 'અહંતા અને મમતા' એ જગતનો પરાભવ કરવા સમર્થ મોહરાજાનું મહાન્ શસ્ત્ર છે. પરંતુ 'શુદ્ધાત્મદ્રવ્ય એજ હું અને શુદ્ધ જ્ઞાનગુણ એજ મારૂં (ધન)' એ શિવાય બીજું કશું 'હું કે મારૂં' નથીજ એવી જે અભેદવૃત્તિ આત્મામાં ઉદ્ભવે છે તેજ વૃત્તિ મોહરાજાના મહામંત્રને યા મહાન્ શસ્ત્રને પણ નિષ્ફળ કરવા સમર્થ થઇ શકે છે. તેથીજ તે પ્રતિમંત્ર કે પ્રતિશસ્ત્રરૂપ લેખાય છે. આ રીતે મોહરાજાના સબળ શસ્ત્રને પણ જે કંઇ હીસાબમાં ગણતું નથી એવું તત્ત્વજ્ઞાનરૂપ અમોઘ બખ્તર જેણે ધારણ કર્યું છે તેને મોહાદિક કર્મશત્રુઓનો પરાભવ કરવો તે કેવળ ક્રીડા માત્ર છે. મતલબ કે એવા સમર્થ જ્ઞાની પુરૂષ, મોહાદિક કર્મશત્રુનો જાતેજ પરાભવ કરી પોતે જયકમળા વરે છે. આ રીતે પરમ પુરૂષાર્થી જ્ઞાની પુરૂષનું નિરૂપણ કરી આગળ શાસ્ત્રકાર કાયર-અજ્ઞાની જીવ સાથે તેનો મુકાબલો કરે છે. ૬

तूलवल्लघवो मूढा, भ्रमन्त्यभ्रे भयानिलैः ॥
नैकं रोमापि तैर्ज्ञान-गरिष्ठानां तु कंपते ॥ ७ ॥

**ભાવાર્થ**—મોહથી મુંઝાયેલા જીવો ભયભીત થકા ભવ અટવીમાં ભમ્યાજ કરે છે, મૂઢ જીવો ભયભીત થકા કંપ્યાજ કરે છે. પરંતુ પ્રબલ જ્ઞાનવંતનું તો એક પણ રૂંવાડું કંપતું નથી. તે તો નિર્ભયપણે સ્વાભાવિક આત્મસુખમાં મગ્ન રહે છે. ૭

**વિવે૦**—સત અસતની વહેંચણ અને લાભાલાભ, કૃત્યાકૃત્ય, ગમ્યાગમ્ય વિગેરેની યથાર્થ સમજ જેથી થાય એવું તત્ત્વજ્ઞાન જેમને પ્રાપ્ત થયું નથી એવા મૂઢ-અજ્ઞાની જનો, જેમ પવનથી આકનાં તૂલ આકાશમાં અહીંતહીં ઊડે છે તેમ સંસાર અટવીમાં અનેક જાતિના ભયના માર્યા અરહા પરહા અથડાયા કરે છે. ત્યારે જે મહાશયો તત્ત્વજ્ઞાનના બળે ગૌરવતાને પામ્યા છે તેમનું એક પણ રૂંવાડું ગમે તેવા ભયથી કંપતું નથી. મતલબ કે ગમે તેવાં ભયનાં કારણ ઉપસ્થિત થયાં હોય તોપણ પ્રબળ જ્ઞાની પુરૂષો તેનાથી લગારે ડરતા નથી. ગમે તેવા ભયની વચ્ચે તેઓ અડગપણે રહી શકે છે. અનુકૂળ કે પ્રતિકૂળ પરિસહો કે ઉપસર્ગોથી તેઓ પરાભવ પામતા નથી. ખરેખર તેમનીજ બલિહારી છે એમ શાસ્ત્રકાર કહે છે. ૭

चित्ते परिणतं यस्य, चारित्रमकुतोभयं ॥
अखंडज्ञानराज्यस्य, तस्य साधोः कुतो भयं ॥ ८ ॥

**ભાવાર્થ**—જેના ચિત્તમાં નિર્ભય ચારિત્ર પરિણમ્યું છે એવા અખંડ જ્ઞાનતેજથી તપતા સાધુ મુનિરાજને શાથી ભય સંભવે? શુદ્ધ ચારિત્રવંતને કશો ભય નથી. શુદ્ધ ચારિત્ર માર્ગ ભયને દૂર કરી અખંડ અનંત સુખ સાધી શકે છે. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિવેચન—જેને કોઇ પણ જાતનો કશો ભય રહેતો નથી એવા અદ્‌ભુત વૈરાગ્યરસથી ચકચૂર ચારિત્ર જેના ચિત્તમાં રમી રહ્યું છે અર્થાત્ એવા ઉત્તમ નિર્ભય ચારિત્રથી જેની સાતે ધાત રંગાઇ ગઇ છે તેવા અખંડ જ્ઞાનસામ્રાજ્યવાળા મુનિરાજને લેશ માત્ર પણ ભય ન હોય. કેમકે મહા પ્રભાવવાળું જ્ઞાન અને ધ્યાનનું ઉત્તમ બળ જેમનામાં રહેલું છે એવા મુનિરાજની શમ સામ્રાજ્ય સંપદા સદા જયવંતી વર્તે છે. ઇતિશમ.

# बारमुं पापस्थानक (कलह).

### રાગ બંગાળ.

કલહ તે બારમું પાપનું સ્થાન, દુર્ગતિ વનનું મૂળ નિદાન;
**સાહેબ સાંભળો. મોટો રોગ કલહ કાચ કામળો. એ આંકણી.**
દંતકલહ જે ઘરમાં હોય, લચ્છી નિવાસ તિહાં નવિ જોય. **સા૦** ૧
શું સુંદરી તું ન કરે સાર, ન કરે આપે કાંઇ ગમાર; **સા૦**
ક્રોધમુખી તું તુજને ધિક્કાર, તુજથી અધિકો કુણ કળિકાળ. **સા૦** ૨
સાહમું બોલે પાપણી નિત્ય, પાપી તુજ પિતા જુઓ ચિત્ત; **સા૦**
દંતકલહ ઇમ જેહને થાય, તે દંપતિને સુખ કુણ ઠાય. **સા૦** ૩
કાંટે કાંટે થાયે વાડ, બોલ્યે બોલ્યે વાધે રાડ; **સા૦**
જાણીને મૌન ધરે ગુણવંત, તે સુખ પામે અતુલ અનંત. **સા૦** ૪
નિત્યે કલહણ કોહણશીલ, ભંડણશીલ વિવાદનશીલ; **સા૦**
ચિત્ત ઉતાપ ધરે જે એમ, સંયમ કરે નિરર્થક તેમ. **સા૦** ૫
કલહ કરીને ખમાવે જેહ, લઘુ ગુરુ આરાધક હોય તેહ; **સા૦**
કલહ સમાવે તે ધન્ય ધન્ય, ઉપશમ સાર કહ્યો શ્રામણ્ય. **સા૦** ૬
નારદ નારી નિર્દયચિત્ત, કલહ ઉદીરે ત્રણે નિત્ય; **સા૦**
સજ્જન સુજસ સુશીલ મહંત, વારે કલહ સ્વભાવે શાંત. **સા૦** ૭

**શ્રીમદ્યશોવિજયજી.**

**કલહ**—એ બારમું પાપસ્થાનક છે, દુર્ગતિમાં રખડપાટી કરાવનારૂં પ્રબળ સાધન છે અને દૃષ્ટિવિપર્યાસ કરાવનાર મહારોગ રૂપ છે. જેના ઘરમાં દંતકલહ—ગાળાગાળી પ્રમુખ કલેશ વર્ત્યા કરે છે, તેના ઘરમાં સુખશાંતિનો ભંગ થાય છે અને ધન દોલતથી પણ તે તરત ઘસાઇ જાય છે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જયાં સ્ત્રી ભર્ત્તાર સામસામા અસભ્ય બોલો બોલીને ક્લેશ કરીરે છે. અજ્ઞાન પતિ પોતાની સ્ત્રીને સંબોધી કહે છે કે 'હે ક્રોધમુખી! તુજને ધિક્કાર છે, આ કલિકાળમાં તારાથી અધિક ભુંડું કોણ છે? પાપણી! તું મારી સામું બોલ્યા કરે છે.' આવાં કષાયભરેલાં વચન સાંભળી વળી તે ભુંડી ભાર્યા લવે છે કે 'તારો બાપ પાપી, સંભાળીને બોલજે, નહિંતો પછી હું છું.' આવી રીતે જેના ઘરમાં ગાળાગાળી ચાલ્યા કરે છે અને કલેશ વધ્યા કરે છે. તે ઘરમાં સ્ત્રી ભર્ત્તારને સુખ શાંતિનો ગંધ પણ કયાંથી હોય? આવા અણઘડ જંગલી જેવાં સ્ત્રી ભર્ત્તાર ક્લેશમાંજ પોતાનું આયુષ્ય પૂરૂં કરી નાખે છે. ૨-૩

જેમ કાંટા એક પછી એક ગોઠવી રાખવાથી વાડ થાય છે તેમ એક પછી એક અસભ્ય વચન વદવાથી રાટ વધે છે અને એમ કરવાથી લોકોની નજરમાં પણ સ્ત્રી ભર્ત્તાર વિગેરે વઢવાડ કરનારાં હલકાં પડે છે. ક્લેશ કરનારનાં મન કલુષિત થઈ જાય છે, તેમાં બેચેની પથરાય છે, ચિત્ત વિરક્ત થઇ જાય છે, તેને કયાંય કળ પડતી નથી. આવી સ્થિતિમાં કલેશ કરનારને સ્વપ્નમાં પણ સુખ કયાંથી હોય? અજ્ઞાની-ગમાર લોકોની આવી સ્થિતિ જોઇ જે ગુણવાન તેવા ક્લેશથી દૂર રહી મૌનવૃત્તિ ધારી રહે છે તે સદ્‌ગુણી મનુષ્યો ઉંચા પ્રકારનું અપાર સુખ પામી શકે છે. સુખ શાન્તિના માર્ગે સંચરનારા અને ક્લેશકારી માર્ગથી વિમુખ રહેનારાજ ખરી સુખ-શાંતિને પ્રાપ્ત કરી શકે છે. ૪

સંયમધારી સાધુ પણ જો નિરંતર કલહકારી ક્લેશી સ્વભાવના હોય, ઘડી ઘડીમાં ક્રોધ કરી બેસતા હોય, આપમતિ સ્થાપનાર હોય, અને મિથ્યા વાદવિવાદ કરવાના રસીયા હોય તો, આવી રીતે જેનું ચિત્ત કષાયતાપથી સંતપ્ત રહ્યા કરતું હોય તે પોતાના સ્વચ્છંદ વર્તનથી સઘળી સંયમ કરણીને નિષ્ફળ કરી નાખે છે. ૫

કદાચ કર્મયોગે કોઇ સાથે કલહ થઇ ગયો તો કષાયને શમાવી તરત એક બીજાએ અરસપરસ ખમાવી લેવું એટલે પોતપોતાની થયેલી ભૂલની એક બીજા પાસે માફી માગી લેવી. તેમાં લઘુવયવાળાએ મોટી વયવાળાને પ્રથમ ખમાવવું દુરસ્ત છે તેમ છતાં કદાચ લઘુવયવાળો માનમાં આવી તેમ કરી ન શકે તો મોટી વયવાળાએ લઘુવયવાળાને પણ તરત ખમાવી દેવો. એમ કરવાથી લઘુવયવાળો શરમાઇને પણ મોટી વયવાળા પાસે માફી માગી લેશે. આમ અરસપરસ ખમવા-ખમાવવાથી બંને આરાધક થઇ શકે છે. બંનેમાંથી જે મદ-અહંકાર પ્રમુખથી પોતે ખમતો કે ખમાવતો નથી તે આરાધક થઇ શકતો નથી. જે જાતે ખમે છે અને ખમાવે છે તેજ આરાધક થાય છે. એટલા માટે કર્મદોષથી થયેલો કલહ ઉપર જણાવેલી મર્યાદા સમજીને જે શમાવી દે છે, તેને વધવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેતા નથી તેમની બલિહારી છે; કેમકે ક્ષમા રાખવી એજ ચારિત્રનું સાર—રહસ્ય છે. ૬

**નારદ** ( વગર કારણે એક બીજાને લડાવી મારનાર ), **નારી** ( સ્ત્રીજાત ), **નિર્દય દિલ**નાં પ્રાણી એ ત્રણે જણાં સ્વભાવિક રીતે કલહ પેદા કરે છે. કેમકે તેમને કલેશ વધારે વહાલો લાગે છે. પરંતુ નિર્મળ **જશ**વાળા, નિર્મળ શીલ ( સ્વભાવ ) વાળા, અને નિર્મળ જ્ઞાન વેરાગ્યયોગે ઊંચી પાયરી ઉપર આવી રહેલ **સજ્જન** ( સંત સાધુજનો ) સ્વભાવિક રીતેજ કલહથી આળગા રહે છે અને થયેલા કલેશને તરત શમાવી દે છે. ૭.

મુ. ક. વિ.

## કિંચિત્ વિવેચન.

આ પાપસ્થાનક બહુ જબરૂં છે. સાથે રહેનારા મનુષ્યોમાં અનેક કારણોને લઈને કલહ (કલેશ) નો ઉદ્ભવ થવાનો સંભવ છે. સંસારી ઉપરાંત મુનિજનોને પણ તે છોડી દે તેમ નથી. પરંતુ જ્ઞાની મહારાજા એક વચનથીજ તેને ઓળખાવે છે કે–**દુર્ગતિ રૂપ વનનું મૂળ કારણ કલહજ છે.** કલહથી દુર્ગતિ રૂપ બગીચો વિકસ્વર થાય છે, ખીલી નીકળે છે, તેમાં નવા નવા અંકુરો આવે છે અને જુદે જુદે રૂપે કલહ કરનારાઓને તેના સ્વાદનો અનુભવ કરાવે છે. કલહનું પરિણામ એક પ્રકારનું આવતું નથી. પરંતુ તેના પરિણામ અનેક પ્રકારનાં જુદાં જુદાં પણ માઠાં આવે છે. યાવત્ મૃત્યુપર્યંત તેના પરિણામની સીમા છે અને પરભવે દુર્ગતિ ગમન થાય છે. કલેશને પરિણામે માણસો માથાં ફોડે છે, દુઃખને ઉદીરે છે, ઝેર ખાય છે અને પોતાને હાથે મૃત્યુને વશ થાય છે. આવાં કટુ પરિણામ અનેક સ્થાને નજરે પડતાં છતાં પણ કલેશી સ્વભાવના મનુષ્યો તેનાથી છુટા પડતા નથી.

કલહને જ્ઞાની મહારાજે **કાચકામળી** નામના રોગની ઉપમા આપી છે. કાચકામળી રોગનું બીજું નામ કમળાનો રોગ છે. એ રોગવાળાની પોતાની આંખ પીળી થાય છે, શરીર બધું પીળું થઇ જાય છે, એટલુંજ નહિ પણ તે સર્વત્ર પીળું પીળુંજ દેખે છે. ગમે તે રંગની વસ્તુ તેને પીળીજ દેખાય છે; તેમ કલહ રૂપી કાચકામળીનો રોગ જેને થયો હોય તે શાંત માણસોમાં પણ કલહ દેખે છે. તેને બધે કલહકારી માણસોજ દેખાય છે અને તેવા અપૂર્વ વ્યાધિના સંયોગથી તેને કોઈ પણ જગ્યાએ શાંતિ પ્રાપ્ત થતી નથી.

હવે કર્ત્તા કલહના પરિણામનું વ્યાખ્યાન શરૂ કરતાં પ્રારંભમાંજ કહે છે કે–જે ઘરમાં દંતકલહ (કલેશ–વાણીથી વધે તેવો) હોય તે ઘરમાં લક્ષ્મીનો નિવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સજ ન હોય. આ વચન ઉપર સત્યપણાની પ્રતીત આવે તો મનુષ્ય માત્ર તરતજ તેનાથી પાછું હઠે. કારણ કે પ્રાયે સર્વે મનુષ્ય લક્ષ્મીના અર્થી હોય છે; પરંતુ આ વચનની સત્ય પ્રતીત થતી નથી. જોકે પોતે કહે છે કે–**કુંકાસે ગોળાનું પાણી સુકાય.** અર્થાત્ લક્ષ્મી તો જાય પણ ગોળાના પાણી સુધી તેની અસર પહોંચે. તોપણ જે પ્રાણી ક્લેશથી દૂર થતા નથી તેઓ લક્ષ્મીથીજ દૂર થાય છે. ૧.

આવા ક્લેશી કુટુંબના સંબંધમાં સ્ત્રી ભર્ત્તાર વચ્ચે થતા કલહનું એક દૃષ્ટાંત પ્રશ્નોત્તર રૂપે કવિએ દોઢ ગાથાથી ચિતર્યું છે.

**ભર્ત્તાર** કહે છે—હે સુંદરી ! તું ઘરની સાર સંભાળ કેમ કાંઇ કરતી નથી ? ( આટલા પોતાના સ્વામીના વચનથી પોતાનું અપમાન થયેલું માની છેડાઇ પડેલી ક્લેશી સ્ત્રી તેના મીષ્ટ સંબોધનની પણ દરકાર કર્યા વિના કહે છે. )

**સ્ત્રી**—અરે ગમાર ! ત્યારે તું પોતે શું કામ સંભાળ કરતો નથી ?

**ભર્ત્તાર** કહે છે કે—અરે ક્રોધમુખી ! જરા કાંઇ કહેતામાંજ છેડાઈ જાય છે ! માટે તને ધિક્કાર છે !

**સ્ત્રી—મને** ધિક્કાર શેનો આપે છે ? તારા જેવો સાક્ષાત્ કળિકાળ–કળીનું સ્વરૂપ બીજો કોણ છે ?

**ભર્ત્તાર**—અરે પાપીણિ ! જ્યારે ને ત્યારે નિરંતર સામુંજ બોલે છે !

**સ્ત્રી**—પાપી તારો બાપ ! વિચારીને બોલજે. મને પાપણી શેની કહે છે ?

આ પ્રમાણે જે દંપતિ એટલે સ્ત્રી પુરૂષને વારંવાર દંતકલહ એટલે ક્લેશ થતો હોય તે દંપતિને સુખ કયે ઠેકાણે મળી શકે ? કારણકે આખા દિવસના કામકાજથી કંટાળેલો પતિ ઘરે આવે ત્યારે ત્યાં પણ આવી કઠોર વચનની શ્રેણી સાંભળવી પડે તો પછી તેને શાંતિ મેળવવા ક્યાં જવું ? આ તો **ઘરના ઉઠ્યા વનમાં ગયા તો વનમાં ઉઠી આગ.** એ કહેવત જેવું થયું. ૨. ૩.

કલહની બાબતમાં કર્ત્તા કાંટાની વાડનું દૃષ્ટાંત આપે છે કે ‘ જેમ ઉપરા-ઉપર કાંટાઓ નાખવાથી ખેતરની વાડ થઇ જાય છે, તેમ બોલવામાં પણ ઉપરા-ઉપર કઠોર વચનો બોલાવાથી રાડ વધી પડે છે. ’ વચનમાં કઠોરતા વધે છે, સ્વર ઉંચા બોલાતા જાય છે અને સાંભળનારા માણસો એકઠા થતા જાય છે. એટલે મૂર્ખ વઢનારાઓ રસે ચડે છે અને પોતે હારી ગયો એમ ન કહેવરા-વવા માટે વધારે વધારે તાણી તાણીને બોલે છે. આમ ક્લેશ વધી પડે છે તેથી ગુણવંત પ્રાણી તો કદી ભૂલ થવાથી એવા પ્રસંગમાં આવી પડ્યો હોય તો તરતજ મૌન થઇ જાય છે, બોલતો અટકી પડે છે અને પોતે હાર્યો એમ કહે-વરાવવામાં ઉલટો આનંદ માને છે. કર્ત્તા કહે છે કે–તે પ્રાણી પરિણામે અત્યંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખનું ભાજન થાય છે. કેમકે તેને કલેશનું પરિણામ જે મહા કડવું આવે છે તે અનુભવવું પડતું નથી. ૪.

નિરંતર કલહ કરવાથી સ્ત્રીને અથવા પુરૂષને કલહ કરવાની ટેવ પડી જાય છે. તેથી તેઓ સહજની વાતમાં કલેશ કરી બેસે છે. ખમવું કે શાંત થઇને સાંભળવું અથવા આમ શા કારણથી કહે છે તેનો વિચાર કરવો તે સમજતાજ નથી. કલેશ કરતાં કરતાં ક્રોધી થવાની ટેવ પડે છે, એટલે સહેજની વાતમાં ક્રોધ આવતાં વારજ લાગતી નથી. એમ કરતાં કરતાં ભાંડવાની ટેવ પડી જાય છે, એટલે ક્રોધના આવેશ આવી વાચ્યાવાચ્યનો વિચાર કર્યા વિના અપશબ્દથી વ્યાપ્ત શબ્દ-રચના વાપરવા મંડી જાય છે. અને પછી વિવાદ કરવાની ટેવ પડી જાય છે. કોઇ પણ હકીકત કહેતાં વાદેજ ચડે છે. ઠીક કહે છે કે અઠીક કહે છે? તેનો વિચારજ કરતો નથી. અને બસ! આ તો મારી ઉપર આક્ષેપ કર્યો, આ તો મારૂં વાંકું બોલ્યો, એમ માની વાદ કરવાજ મંડી પડે છે. કલહ કરનારા કલેશી માણસોને આવી શ્રેણીબંધ કુટેવો વધતી જાય છે. તેનું પરિણામ ઘણું અનિષ્ટ આવે છે અને તે, તેને વગર બોલ્યે સહેવું પડે છે. આ પ્રમાણેના ચિત્તમાં ઉતાપ ધરનારો મનુષ્ય જો સંસાર છોડી મુનિ થયેલ હોય તો તે દશામાં પણ ચિત્તમાં શાંતિ અને સહનશીલતા ન હોવાથી તે પોતાના સંયમને-ચારિત્રને પણ નિરર્થક કરી નાખે છે. અર્થાત ચારિત્રના મહાન્ ઉત્તમ ફળનો તે ભોક્તા થઇ શકતો નથી. ૫.

શાસ્ત્રકાર કહે છે કે-કદિ કોઇ પ્રતિકૂળ સંયોગને લઇને કોઈની સાથે કલેશ થઇ ગયો, તોપછી પણ બેમાંથી એક--પહેલો જે ખમાવે તે લઘુ હોય તોપણ તેને ગુરૂ સમજવો અને તેને આરાધક જાણવો. ઉપલક્ષણથી જે પ્રથમ ન ખમાવે તે ગુરૂ હોય તોપણ તેને લઘુ જાણવો અને આરાધક ન જાણવો. ઉપ-રાંત જે પછી પણ ન ખમાવે તેને તો કનિષ્ટજ જાણવો અને ચારિત્રનો વિરા-ધક જાણવો. કેમકે સિદ્ધાંતકારનું વચન છે કે-**उवसमसार खु सामन्नं**=શ્રમણ પણાનો સાર ઉપશમ-શાંતભાવ-ક્ષમા સ્વભાવજ છે. ચારિત્રનું રહસ્યજ ઉપ-શમની પ્રાપ્તિ કરવી તે છે. તેથી કર્ત્તા કહે છે કે-જે કલહ શમાવે છે-પોતે તો કલહ કરતો નથી પણ જ્યાં કલહ થતા હોય ત્યાં પણ તેનું શમન કરાવે છે તેને ધન્ય ધન્ય છે. અર્થાત્ તે પ્રાણી વિશેષ ધન્યવાદને પાત્ર છે. ૬.

હવે કળહ કરવાના અને ન કરવાના અર્થાત્ કળહ કરનારા અને ન કર-નારા અધિકારી બતાવતા સતા કર્ત્તા આ વિષયનો ઉપસંહાર કરે છે.-**નારદ** જ્યાં ત્યાં જઇને કલેશ જગાડનાર, કલેશની ઉદીરણા કરનાર, **સ્ત્રી**-સ્વભાવેજ જેને કલેશ વહાલો લાગે છે તે, અને **નિર્દય પુરૂષનું ચિત્ત** (હૃદય) એ ત્રણ જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બને ત્યાં ક્લેશ જગાડે છે. નારદને તો તેવી રમતમાં આનંદ આવે છે. સ્ત્રીઓને બહોળે ભાગે ક્લેશ પ્રિય હોય છે, તેથી તેઓ અન્યત્ર પણ સાચી ખોટી વાતો કરીને ક્લેશ કરાવે છે. અને જેના ચિત્તમાં દયાનો વાસ હોતો નથી એવા નિર્દય પુરૂષો અનેક પ્રકારની ચાડી ચુગલી ખાઇને, સાચી ખોટી વાતો કરીને તેમજ પારકાં છીદ્રો પ્રગટ કરીને ક્લેશ જગાડે છે. આ ત્રણ જાતિવાળાને ક્લેશના અધિકારી કહ્યા છે અને તેના પ્રતિસ્પર્ધિ તરીકે સજ્જન, સુજસ અને સુશીલ એવા મહંત પુરૂષોને ક્લેશ નિવારવાના અધિકારી કહ્યા છે. જેઓ **સજ્જન** છે, સજ્જનના જે જે ગુણો શાસ્ત્રમાં વર્ણવ્યા છે તેવા ગુણવાળા છે, જેઓ **યશવાળા** છે, અર્થાત્ જેનો ભલો યશ સર્વત્ર ગવાય છે, જેની યશકીર્ત્તિ બોલાય છે અને જેઓ **સુશીલ** છે અર્થાત્ સદાચારવાળા છે, સદાચાર પરાયણ છે, દુરાચારથી દૂર ભાગનારા છે તેઓ જ્યાં હોય ત્યાં ક્લેશને વારે છે અને પોતાનો સ્વભાવ શાંત રાખે છે. કારણ કે કેટલીકવાર બીજાનો ક્લેશ સમાવવા માટે જતાં પોતાને પણ કડવાં મીઠાં વચનો સાંભળવા પડે છે. પણ સજ્જનો, યશવાળાઓ અને સદાચારી મનુષ્યો તેથી પોતે કિંચિત્ પણ આવેશમાં આવી જતા નથી. પોતે શાંતજ રહે છે. એવા ગુણવાન મનુષ્યોજ કોઇ પણ સ્થાનકે ક્લેશને શમાવી શકે છે. ૭

આ છેલ્લી ગાથામાં **સુયશ** શબ્દથી કર્ત્તાએ પોતાનું નામ પણ સૂચવ્યું છે. આ પાપસ્થાનક બહુ કનીષ્ટ એટલા માટે છે કે તેનો પ્રવેશ સર્વત્ર અસ્ખલિત છે. તેથી તેના નિવારણ માટે કર્ત્તાએ આ સઝાયમાં વિશેષ કહેવાનો પ્રયાસ કર્યો છે. તેનું કિંચિત્ રહસ્ય અમે યથામતિ અહીં બતાવ્યું છે. જો કે એની અંદર તો આ કરતાં અત્યંત રહસ્ય ભરેલું છે. પરંતુ આટલી હકીકત પણ જે પ્રાણી લક્ષમાં લેશે–હૃદયમાં ધારણ કરશે તે પ્રાણી અવશ્ય ક્લેશથી દૂર રહી શાંત ભાવને સ્વીકારશે. એમ અમને ખાત્રી છે. ઇત્યલં વિસ્તરેણ.

# चतुर्थव्रतोपरी नागिल कथा.

મોક્ષમાર્ગમાં ચાલેલા સત્પુરૂષોરૂપી પથિકોને અચૌર્ય વ્રતરૂપી દીવાના પ્રકાશને ઉલ્લાસ કરનારૂં ચોથું બ્રહ્મચર્યવ્રત કહેલું છે. સ્વદારાને વિષે સંતોષ અથવા પરદારાનો ત્યાગ કરવો એ ચોથું અણુવ્રત ગૃહસ્થીઓને માટે કહેલું છે. જેઓ પરદારાના ત્યાગરૂપ વ્રતની તીક્ષ્ણતાવડે દેદીપ્યમાન હોય છે, તેઓમાં મોહાદિક દોષો ભયને લીધે સ્થિતિજ કરતા નથી. અહો ! મોક્ષની સન્મુખ થવાનાં કારણરૂપ આ બ્રહ્મવ્રત **નાગિલ**ની જેમ સર્વ વિપત્તિઓનો નાશ કરનાર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નાગિલની કથા.

ભોજ રાજાના બાહુરૂપી સર્પે રક્ષણ કરેલું જાણે ધર્મનું નિધાન હોય એવું **મહાપુર** નામે નગર છે. તે નગરમાં જિનેન્દ્રની સેવાના પરિચયથી પ્રાપ્ત થયેલા વિવેકવડે જેનું મન વિકસ્વર છે તથા જેની લક્ષ્મી જગતને વિસ્મય કરનારી છે એવો **લક્ષ્મણ** નામે મોટો વણિક રહેતો હતો. તેને આભુષણોથી ભૂષિત નહીં છતાં પણ અરિહંતની ભક્તિથી ભૂષિત થયેલી, વિવેકવાળી અને વિનય સંયુક્ત **નંદા** નામની પુત્રી હતી. સેંકડો સતીઓના મસ્તકની માળા સમાન આ પુત્રીએ બાલ્યાવસ્થાનું ઉલ્લંઘન કર્યું, ત્યારે તેણીને યોગ્ય એવા વરની શોધ કરતા પિતાને તેણીએ નિઃશંકપણે કહ્યું કેઃ—"જે પુરૂષ અજંનરહિત,[1] એક સરખીવાટવાળો,[2] જેમાં સ્નેહ (તેલ) નો નાશ ન થાય એવો અને નિશ્ચલ દીવો હમેશાં ધારણ કરતો હોય તે મને પરણનાર થાઓ." આ પ્રમાણે તે પુત્રીનું વચન શ્રેષ્ઠી હંમેશાં વર થવા યોગ્ય પુરૂષોને કહેવા લાગ્યો, અને "આ પુત્રીનો અભિગ્રહ શી રીતે પૂર્ણ થશે ?" એવી ચિંતાથી તે દુઃખી થવા લાગ્યો.

તે ગામમાં મનોહર શરીરવાળો એક **નાગિલ** નામનો જુગારી રહેતો હતો. તેણે ઉદ્યાનમાં રહેલા **વિરૂપાક્ષ** નામના યક્ષને ઘણા ઉપવાસવડે પ્રસન્ન કરીને તેની પાસે આગ્રહથી માગ્યું કે-"નંદાએ જેવો દીવો કહ્યો છે, તેવો દીવો તું મારા ઘરને વિષે કરી દે." તે સાંભળીને યક્ષે તેને તે પ્રમાણેનો દીવો આપ્યો. ત્યારપછી તે નાગિલે લક્ષ્મણ શ્રેષ્ઠી પાસે જઇને કહ્યું કે-"મને જુગારી તથા દરિદ્રીને જો તમે તમારી પુત્રી આપો, તો હું તેણીનો અભિગ્રહ પૂર્ણ કરવા સમર્થ છું." શ્રેષ્ઠીએ કહ્યું કે-"હે ભદ્ર ! તું ગમે તેવો હો; પરંતુ જો તું અભિગ્રહને પૂર્ણ કરે તો હું સમુદ્રને ગંગાની જેમ મારી પુત્રી તને આપું." તે સાંભળીને નાગિલ બોલ્યો કે-"તો તમે મારે ઘેર આવીને તેવો દીવો જોઈ જાઓ." એટલે શ્રેષ્ઠી પોતાના કુટુંબ સહિત તેને ઘેર ગયો. દારિદ્રવડે ઉપદ્રવ પામેલા નાગિલના ઘરમાં તેવોજ દીવો જોઇને તે શ્રેષ્ઠી પુત્રીનો વિવાહ કરવા ઉત્સાહવાળો થઇ હર્ષ પામ્યો. સર્વે લોકો પણ તેવા પ્રકારનો દીવો જોઇને કૌતુકથી પ્રફુલ્લિત નેત્રવાળા થયા. પરંતુ નંદા તો આનંદ રહિતજ થઇ. ત્યારપછી તે શ્રેષ્ઠીએ તે નાગિલનું ઘર ધનધાન્યાદિક વિભવોથી શણગારીને તથા નગરને ઉત્સવવડે સુશોભિત કરીને પોતાની પુત્રી તેની સાથે પરણાવી.

વિવેકરૂપી અમૃતની વાવ સમાન તે સુંદર સ્ત્રીને પરણ્યા છતાં પણ તે નાગિલ જુગારથી નિવૃત્તિ પામ્યો નહીં. "કોણ પુરૂષ વ્યસનને સુખે તજી શકે ?"

---

૧ જે દીવાની મેશ ( કાજળ ) ન પડે તેવો. ૨ બળવાથી જેની વાટ ઘટે નહીં એવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી તે જુગારી જેમ જેમ જુગારમાં ધન હારતો હતો, તેમ તેમ લક્ષ્મણ શ્રેષ્ઠી પુત્રીપરના પ્રેમને લીધે પૂર્ણ કરતો હતો. તે નાગિલ વિત્ત હારીને તથા પરસ્ત્રીઓ સાથે ક્રીડા કરીને ઘેર આવતો, ત્યારે નંદા આનંદ સહિત તેની સેવા કરતી. તે જોઇને નાગિલ વિચાર કરતો કે–"ખરેખર હું આ (નંદા) ને વહાલો લાગતો નથી. કેમકે જો હું ખરેખરો વહાલો હોઉં તો આવો અપરાધ છતાં પણ તે મારાપર જરા પણ ક્રોધ કેમ કરતી નથી?" એકદા તે નાગિલ જુગારમાં ઘણું દ્રવ્ય હારી ગયો, એટલે જુગારીઓથી ત્રાસ પામીને તે વનમાં ગયો. ત્યાં એક જ્ઞાની મુનિને જોઇને તેણે હાથ જોડીને પૂછ્યું કે–"હે મુનિ! મારી પ્રિયા શુભ સ્વભાવાળી છે, તો પણ મને ચિત્તમાં કેમ ધારણ કરતી નથી." આ પ્રમાણે તેના પૂછવાથી તેની યોગ્યતા જાણીને જ્ઞાની મુનિ બોલ્યા કે–"તે વિવેકવાળી સ્ત્રી વિવેકી પતિને ઇચ્છતી હતી, તેથી તેણીએ તેવા પ્રકારના દીવાના મીષથી તેવા ગુણવાળા વિવેકને જણાવ્યો હતો. તેમાં માયારૂપ અંજન વિનાનો, નવ તત્ત્વની સ્થિતિરૂપ અખંડ વાટવાળો, પ્રેમના નાશરૂપ તેલના નાશવિનાનો અને સમકિતના ખંડનરૂપ કંપ વિનાનો વિવેકરૂપી દીવો જે ધારણ કરે, તે મારો પતિ હો. આ પ્રમાણે તેણીએ દીપના મીષથી વિવેકી પુરૂષજ કહ્યા હતા. પરંતુ કોઇએ તેનો અર્થ પૂછ્યો નહીં, અને તેં તારા ઘરમાં કાજળ વિનાનો, વાટ રહિત, તેલનો ક્ષય ન થાય એવો અને કંપરહિત અદ્‌ભુત દીવો સાક્ષાત્ કર્યો. તેવા પ્રકારનો દીવો જોવાથી તે સતી ઉત્તર રહિત થઇ અને લજ્જાવડે મૌન રહી. એટલે વિવેક રહિત એવો તું તેણીને પરણ્યો. તે સ્ત્રી સતી હોવાથી તેને પરણનાર તને જોઇને હર્ષ પામતી નથી, અને તું અવિવેકી છે તેથી વિવેકવાળી તે તને ચિત્તમાં ધારણ કરતી નથી." આ પ્રમાણે જ્ઞાનીનું વચન સાંભળીને તે નાગિલે, મુનિએ કહેલા વિવેકને સારી રીતે અંગીકાર કર્યો, તથા પ્રીતિને પુષ્ટ કરનાર સ્વદારા સંતોષ નામના વ્રતને ગ્રહણ કર્યું.

ત્યારપછી નાગિલે ઘેર જઇ, સ્નાન કરી, જિનેંદ્રની પૂજા કરી અને સુપાત્રને દાન દઇ વિધિ પ્રમાણે ભોજન કર્યું. તે જોઇ પોતાના પતિને વિવેકી થયેલો જાણી આનંદ પામેલી નંદા ગંગાજળ જેવા નિર્મળ વચનવડે બોલી કે–"હે નાથ! આજે તમને હું વિવેકી જોઉં છું, તેથી શીલરૂપી જળથી સિંચન થયેલી મારી જિનેંદ્રની સેવા ફળીભૂત થઇ." તે સાંભળી નાગિલ બોલ્યો કે–"હે સુંદરી! મેં સર્વ વ્યસનનો ત્યાગ કરીને આજે વિવેકને અંગીકાર કર્યો છે, તેમાં ગુરૂ મહારાજનો ઉપદેશજ કારણરૂપ છે." ત્યારપછી સદ્ધર્મ, શીલ અને પ્રેમરૂપ ત્રણ પ્રકારના ગુણોએ કરીને પરોવાયેલું તેમનું ચિત્ત અત્યંત એકરૂપતાને પામ્યું. અને નિરૂપમ રૂપવાળા, ધર્મધ્યાનમાંજ બુદ્ધિનો લય કરનારા અને મનની વ્યથાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુક્ત થયેલા તે બન્ને દંપતિની દેહકાંતિ અત્યંત વૃદ્ધિ પામી.

એકદા કાંઈક ઉત્સવ હોવાથી નંદા પોતાના પિતાને ઘેર ગઈ હતી. તે વખતે નાગિલ ચંદ્ર સન્મુખ દૃષ્ટિ રાખીને અગાશીમાં સુતો હતો. તેવામાં આકાશમાર્ગે જતી પતિના વિયોગવાળી કોઇ વિદ્યાધરી તે નાગિલના સ્વરૂપથી મોહ પામી. કામ ઉત્પન્ન થવાથી તેની પાસે આવીને તે બોલી કે—" હે સ્વામી ! હું કામાગ્નિની શિખાથી તાપ પામી છું, તેથી તારે શરણે આવી છું. માટે હે લાવણ્યના સાગર ! મને તારા બાહુ રૂપી કલ્લોલમાં નવરાવ. હું વિદ્યાધરોના શિરોમણિ **હંસ** નામના રાજાની પ્રિયા છું, ગીતવડે કવિની જેમ તેં મારા ચિત્તનું આકર્ષણ કર્યું છે, **ચંડ** નામના વિદ્યાધરપતિની હું **લીલાવતી** નામની પુત્રી છું, હું તારાવડે આદરમાન પામીને ખરેખરી લીલાવતી ( વિલાસવાળી ) થઈશ. જો કદાચ તું મને અંગીકાર નહીં કર, તો મૃત્યુ મને અંગીકાર કરશે, અને તેથી કરીને હે ધર્મિષ્ઠ ! શું તું સ્ત્રી હત્યાનો પાતકી નહીં થાય ? થશે. વળી હું મારા પતિની તથા પિતાની વિદ્યાઓનું રહસ્ય જાણું છું, તેથી તે ( વિદ્યાના રહસ્ય ) વડે તે બન્નેને જીતીને તેમનું રાજ્ય હું તને અપાવીશ, માટે તું મને ભજ, અને મારૂં વચન અંગીકાર કર. " આ પ્રમાણે બોલીને તે મૃગનયના કંપતી કંપતી પોતાના મસ્તકવડે તેના પગને સ્પર્શ કરવા દોડી. તે જોઇને " મને પરસ્ત્રીનો સ્પર્શમાત્ર પણ ન થાઓ " એમ વિચારીને તે નાગિલે પોતાના પગને જાણે અગ્નિવડે દાઝતા હોય તેમ જલદીથી પાછા ખેંચી લીધા. તે વખતે વિદ્યાધરી અત્યંત ક્રોધ પામી, અને આકાશમાં અગ્નિથી તપેલા લોઢાના મોટા ગોળાને વિકુર્વીને તેના પ્રત્યે બોલી કે–" મને ભજ, નહીં તો હમણાં આ ગોળાવડે તને ભસ્મ કરી નાંખીશ. " આ પ્રમાણે પ્રથમ લોભવાળા વાક્યોથી તે લોભાયો નહીં, તેમજ પછી ભયના સ્થાનથી તે ભય પણ પામ્યો નહીં. ત્યારે તે જાજવલ્યમાન ગોળો સૂત્કાર કરતો તેના મસ્તક પર પડ્યો. તે વખતે તે વિદ્યાધરી મનમાં વિચારવા લાગી કે–" જરૂર આ બળી ગયો, બળી ગયો. " પરંતુ તે નાગિલ નવકાર મંત્રનું સ્મરણ કરતો હતો તેથી તેને કાંઇ થયું નહીં. તેની વિપત્તિનો સમૂહ નાશ પામ્યો. એટલે લજ્જાના આવેશથી તે ખેચરી અદૃશ્ય થઇ ગઇ અને નાગિલ નવકારના પ્રભાવથી અત્યંત રોમાંચિત થયો.

ત્યાર પછી દાસીએ બારણું ઉઘાડવાથી કપટ રૂપવાળી નંદા ઘરમાં આવી, અને " તમારા વિના મને પિતાને ઘેર પણ ગમ્યું નહીં " ઇત્યાદિ બોલતી તે તેની પાસે આવવા લાગી. તે વખતે તેણીના આકાર, વાણી અને ગતિએ કરીને " આ નંદાજ છે " એમ જણાતાં છતાં પણ ખેચરીના અનુકૂળ ઉપસર્ગની શંકા રાખતો તે, શરીરને સંકોચી લેતો બોલ્યો કે–" હે કમળનેત્રા ! જો તું ખરેખરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદાજ હોય, તો જલદી મારી પાસે આવ. અને જો કદાચ બીજી હોય, તો સ્વામીરૂપ ધર્મ તારી સ્ખલના કરનાર થાઓ." તે વખતે તે ખેચરીની ગતિ સ્ખલના પામી, અને સ્થિર થઇને તે સન્મુખ ઉભી થઈ રહી, નાગિલના સદાચરણથી વિસ્મય પામેલી તેણીની મૂર્તિ (શરીર) સ્તબ્ધ થઇ ગઇ.

પછી તેણીનું કપટ જોઇને બીજા કપટની શંકા રાખતા તે નાગિલે શીલભંગના ભયથી તરતજ પોતાને હાથે કેશનો લોચ કરી ચારિત્ર અંગીકાર કર્યું. ત્યારપછી શાસનદેવીએ આપેલા યતિવેષને ધારણ કરી તે નાગિલ પેલા દીવાની પાસે જઇને આ પ્રમાણે બોલ્યો કે-" હે વિરૂપાક્ષ યક્ષ! મેં તને નંદાના લોભથી આરાધીને અદ્ભુત દીવા રૂપ કર્યો હતો હવે હું કૃતાર્થ થયો છું માટે હવે તું જા." તે વખતે તે દીવામાંથી પણ ભાષા (વાણી) પ્રગટ થઇ કે-"હે સ્વામી! યાવજ્જીવ પર્યંત તું મારે સેવવા લાયક છે તેથી હું તારી સાથેજ રહીશ, પરંતુ સૂર્યની જેમ મારી પ્રભાવડે સચિત્ત સ્પર્શનો દોષ (અગ્નિકાયના સ્પર્શનો દોષ) તને લાગશે નહીં." ત્યારપછી તેવા પ્રકારના મહાશીલથી પ્રસન્ન થયેલી અને દેદીપ્યમાન વિદ્યાવાળી તે વિદ્યાધરીવડે પગલે પગલે પ્રભાવના કરાતો અને તે યથાર્થ કથા જાણવાથી વૃદ્ધિ પામતા હર્ષવાળી થઇને જેણે તરતજ દીક્ષા ગ્રહણ કરી છે એવી તેમજ જેનાં પાપ સમૂહ નષ્ટ થયા છે એવી નંદા પ્રિયા સહિત, સૂર્યોદય છતાં પણ જેની કાંતિ હણાતી નથી એવા દીવા વડે શોભતો, તથા આશ્ચર્ય સહિત લોકોવડે જોવાતો તે નાગિલ ગુરૂ મહારાજ પાસે ગયો. નંદા સહિત તે નાગિલ વિધિ પૂર્વક દીક્ષા ગ્રહણ કરીને પછી ગુરૂની સાથે મોટા અરણ્ય, ગામ અને પુર વિગેરેમાં વિહાર કરવા લાગ્યો. રાત્રીએ પણ તે દીવાના ઉદ્યોતમાં ભણતાં થોડા દિવસમાંજ તેણે શાસ્ત્રસમૂહનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. પ્રાંતે ચારિત્ર લીધા પહેલાંજ તે નંદા સાથેના સ્નેહવાળા તેણે આગામી ભવનું આયુષ્ય બાંધેલું હોવાથી તે બન્ને હરિવર્ષ ક્ષેત્રમાં કલ્પવૃક્ષની નીચે યુગલીયા [1]થયા. ત્યાંથી પુણ્યના શેષને લીધે સ્વર્ગના ભોગસુખ ભોગવીને તે બન્ને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈ મોક્ષ પદને પામ્યા.

મોક્ષને માટે તત્પર થયેલા ડાહ્યા પુરૂષોએ નાગિલ અને નંદાની જેમ ધર્મ રૂપી વૃક્ષને વૃદ્ધિ પમાડવામાં વૃષ્ટિરૂપ ચોથા વ્રતને અવશ્ય ધારણ કરવું.

॥ इति चतुर्थव्रतविचारे नागिलकथा ॥

---

૧ જો પ્રથમ આયુષ્ય બાંધ્યું ન હોત તો આવા ચારિત્રના આરાધનથી અવશ્ય વૈમાનિક દેવતાજ થાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मेवाड मारवाडनां केटलांक तीर्थस्थानो.

( લખનાર-મૌક્તિક. )

( અનુસંધાન પૃષ્ઠ ૧૮૩ થી. )

## જોધપુર.

જોધપુરનું સ્ટેશન ઘણું જંકશન છે. સ્ટેશન ઉપર બીકાનેર તથા અહીં મજુરની સારી સગવડ છે. દાણ માટે બન્ને સ્ટેશનોએ અને આખી જોધપુર બીકાનેર રેલ્વેમાં વધારે દેખરેખ રાખે છે અને કેટલીકવાર પેટીઓ ખોલાવીને જુએ છે. બહુધા યાત્રાળુઓને વિશેષ કનડગત થતી નથી. જોધપુર સ્ટેશન નજીક મોટી ધર્મશાળા જામનગરવાળી રાણીના નામથી બંધાવી છે, તેમાં સર્વને ઉતરવાની છુટ છે. ને મોટી ધર્મશાળામાં જગો ન હોય તો સામે બીજી વિશાળ ધર્મ-શાળા છે. તેમાં દરરોજના બે આનાને ભાડે વિશાળ ઓરડો ભાડે મળી શકે છે. આ ધર્મશાળામાં ઉતરવાથી સગવડ વધારે થાય છે, તેથી ત્યાંજ ઉતારો કરી નિત્યકર્માદિથી પરવારી શહેરમાં જવું. અહીંની ધર્મશાળા બીકાનેર જેવી સ્વચ્છ નથી પણ સારી છે.

જોધપુર શહેર ઘણું વિશાળ છે, વસ્તી પણ મોટી છે અને મારવાડના પ્રમાણમાં વેપાર અને તેની ધમાધમ વિશેષ છે. બીકાનેર જેવું સ્વચ્છ આ શહેર નથી અને શહેરની બાજુમાં ટેકરી હોવાથી અને શહેર પણ ટેકરીપર વસેલું હોવાથી ચઢવા ઉતરવાના ઢાળો શહેરમાં ઘણા આવે છે. રસ્તાઓ ઘણાખરા પથ્થરના બાંધેલાં છે. જોઇતી વસ્તુઓ અહીં મળી શકે છે.

શ્વેતાંબર જૈનોનાં આઠ ચૈત્યો છુટા છુટા આવી રહેલાછે. દર્શન કરવા યોગ્યછે. અહીંના દેરાસરોમાં એક ચિંતામણિ પાર્શ્વનાથનું ચૈત્ય બહુ પુરાણું છે. પ્રતિમા-જીને માથે એક હજાર ફણાછે અને એવા વિશાળ બિંબને એક આરસમાંથી બના-વેલાછે. એ દેરાસરનું જીર્ણોદ્ધારનું કામ કાનમલજી પટવાએ કરાવ્યુંછે. વ્યવહારમાં પોતે મધ્યમ સ્થિતિના હોવા છતાં બહુ પ્રયાસ કરીને ઘણા ઓછા ખરચે દેરાસ-રને મિણાકારી કામથી સુશોભિત બનાવ્યુંછે, પોતે ભક્તિમાં બહુ વખત ગાળેછે અને આ જીવનનો લાભ ખરેખરો લે છે. અમે ગયા તે દિવસે તેમણે રાત્રે ખાસ ભાવના કરાવી હતી અને તે માટે પોતાની ટોળીના સર્વ બંધુઓને બોલાવ્યા હતા. હારમોનિયમ, તબલાં અને સાથે મારવાડી બંધુઓનું મસ્ત રાગથી ગાયન એટલું આકર્ષક થઇ પડે છે કે જેઓએ એકવાર કાનમલજીને પ્રભુ ગુણગાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરતાં સાંભળ્યા હોય અને તેઓની તે વખતે પ્રભુ સાથે થતી લીનતા જોઇ હોય તેઓ ગીતગાનમાં શું મહત્વ છે તે સમજ્યા વગર રહે નહિ. તેમની સાથેના ગાનારા તથા ઝીલનારા એવા એક સરખી ઢબથી પદ્ધતિસર અને આલાપ તથા તાલની ભૂલ કર્યા વગર ગાય છે કે એ સાંભળીને સહૃદય માણસોનાં મુખમાંથી હર્ષોદ્ગાર નીકળ્યા વગર રહે નહિ. ગીત વાજીત્રની પૂજાના પ્રસંગે શાસ્ત્રકાર કહે છે કે તેમાં જ્યારે લીનતા થાય ત્યારે જીવ અનંત ગણું પુણ્ય બાંધે છે, એનો અહીં સહજ અનુભવ થાય છે. જોધપુરમાં આવા વિશાળ હૃદયના ગુણાનુરાગી સજ્જનનો મેલાપ દરેક યાત્રાળુએ અવશ્ય કરવા યોગ્ય છે. તેઓ મધ્યમ સ્થિતિના હોવા છતાં યાત્રાળુની સગવડ માટે અનેક પ્રકારના પ્રસંગો શોધી કાઢે છે. દેરાસરના જીર્ણોદ્ધારનું કામ એવું સુંદર કર્યું છે કે રાત્રે જ્યારે લાઈટ થાય છે અને સામેના ચોકમાં મંડળી ગાવા બેસે છે ત્યારે પ્રભુ સાથે જરૂર લીનતા થઇ જાય છે અને તેનો ઝળકાટ કાચના કામમાં પ્રતિબિંબરૂપે પડે છે. દેરાસરો દૂર દૂર હોવાથી દર્શન કરવામાં તથા પૂજનમાં વધારે વખત થાય છે; પરંતુ તેટલો વખત ખરેખરો સાર્થક થાય છે.

અહીંથી **જેસલમીર** જવાય છે. બે દિવસનો ગાડાનો રસ્તો છે. જેસલમીરના ભંડાર જોવાની બહુ ઇચ્છા હતી, પણ વખતના સંકોચને લઈને બની શક્યું નહિ. અહીંથી **પોકરણ ફલોધી** જઇ શકાય છે જ્યાં પણ શ્વેતાંબર બંધુઓની સારી સંખ્યા છે. અહીંથી **ઓશીઆ નગરી** જે ઓશવાળ બંધુઓનું ઉત્પત્તિ સ્થાન કહેવાય છે ત્યાંપણ જઇ શકાય છે. જરા સ્થિરતાથી યાત્રા કરવા આવનારે આવી આવી જગોએ જરા કષ્ટ વેઠીને પણ જવું યોગ્ય છે. યાત્રામાં જેમ કષ્ટ વેઠાય તેમ ચેતનજી માર્ગપર આવતા જાય છે. એને કષ્ટથી ઘસારો કદિ પણ પડતો નથી. એ નિયમ બરાબર ધ્યાનમાં રાખવો. આ દેહને યોગ્ય ખોરાક વિગેરે જરૂર પડતે આપવો, બાકી એને બહુ પંપાળવાથી તો તે નકામું ભારભૂત થઈ પડે છે. કોઇ પણ વસ્તુ ભાડે લીધી હોય તો તેનો જેમ બને તેમ વધારે લાભ લેવા ઇચ્છા રહે છે, તેમ આ શરીરની પાસેથી પણ યોગ્ય ભાડું આપીને તેના બદલામાં બરાબર કામ લેવું. હાલ તો મુસાફરીના અનેક પ્રકારનાં સાધનો એટલાં વધી ગયાં છે કે પૂર્વની પેઠે કષ્ટ વેઠવું પડતું નથી અને ખાસ કરીને જાનમાલની સલામતિ એટલી બધી રહે છે કે મનમાં ભય પણ લાગતો નથી. આવા સુંદર વખતમાં જે પવિત્ર જગોએ આપણા પૂર્વના મહાત્માઓ વિચરી ગયા હોય, આપણા પૂર્વપુરૂષો રહી ગયા હોય, આપણા પૂર્વજો વસી રહેલા હોય, એવી જગાનું જરૂર સ્પર્શન કરવું. એમાં એક એવો નૈસર્ગિક આનંદ આવે છે કે એનું વર્ણન કવિજ યથાસ્થિત રીતે કરી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોધપુરમાં મ્યુનિસિપાલીટિના નિયમો રીતસર જળવાતા હોય એવો બંદોબસ્ત જણાતો નથી. ગામમાં સ્વચ્છતા બહુ ઓછી છે. બીકાનેર અને જોધપુરની સરખામણીમાં બીકાનેર ઘણી ખરી રીતે ચઢી જાય તેમ છે. અહીં બે મોટા તળાવ છે, ટેકરી ઉપર દેવીનું મંદિર છે. શહેરમાં એ શિવાય ખાસ જોવાલાયક કોઇ સ્થળ નથી. શહેરમાં ફરતાં જે આનંદ બીકાનેરમાં આવે છે તેવો અહીં આવતો નથી, પરંતુ વ્યાપાર અહીંનો બીકાનેર કરતાં ઘણો વધારે જણાય છે. એકંદરે યાત્રા દરમ્યાન જોધપુર સ્ટેટની રાજધાનીના આ શહેરની પણ ભેટ લેવા લાયક છે.

અહીંના જૈન આગેવાનો બહુ ઉત્સાહી છે. કોન્ફરન્સની પ્રથમ બેઠકના પ્રેસીડન્ટ અહીં વસે છે. જેઓના પુત્ર પણ બહુ ઉત્સાહી છે. જોધપુરમાં એક વખત કોન્ફરન્સ ભરવા તેઓની ઇચ્છા છે. કોન્ફરન્સ જેવી સંસ્થાથી જૈનકોમને કેટલા લાભો થયા છે અને ભવિષ્યમાં થવાનો સંભવ છે તે સંબંધી બહુ ઉત્સાહથી તેઓ વાત કરતા હતા. ઉદેપુર, અજમેર તથા અહીંના આગેવાનો સાથે કોન્ફરન્સ સંબંધમાં વાતચીત થતાં મનમાં એટલો સંતોષ થયો કે જૈનકોમનું ભવિષ્ય હજુ તદ્દન આશા વગરનું નથી.

## પાલી.

અહીંથી આગળ વધતાં પાલી શહેર લુણી જંકશનને રસ્તે જવાય છે. લુણીથી કરાંચી જનારને ટ્રેન બદલવી પડે છે. પાલીના સ્ટેશનથી શહેર જરા દૂર છે. નવલખા પાર્શ્વનાથનું મંદિર શહેરની બીજી બાજુ છે અને શહેર પાઘડીપને લાંબું હોવાથી ધર્મશાળામાં પહોંચતા વધારે વખત લાગે છે. ધર્મશાળામાં સગવડ સારી છે તેથી યાત્રાળુને ત્યાંજ ઉતરવું અનુકૂળ પડે છે. નવલખા પાર્શ્વનાથનું ચૈત્ય ધર્મશાળાની વચ્ચે આવી રહેલું છે. નજીકમાં મોદીઓની દુકાન છે. પૂજા સેવા કરવા માટે આ સ્થાન–દેરાસર બહુ રમણીક છે અને ત્યાં ધમાધમ બહુ ઓછી હોય છે. એ સ્થાનમાં પૂજન કરતાં મનમાં બહુ હર્ષ આવે છે અને બિબડોદ જેવું શાંત સ્થળ ફરીવાર યાદ આવે છે. આ નવલખા પાર્શ્વનાથનું દેરાસર એક નવલખા શેઠે બંધાવ્યું છે. તેઓની પાસે નવ લાખ રૂપિયાની પુંજી હતી એમ કહેવાય છે. તેના નામ ઉપરથી આ ચૈત્યને નવલખા પાર્શ્વનાથનું ચૈત્ય કહેવામાં આવે છે. આવા શાંત સ્થળમાં બને તેટલો વખતનો સદુપયોગ કરી ચેતનજીને સંભારવા અને તેમ કરવા માટે પ્રભુગુણ સ્તવના સ્વભાવથી યોગ્ય રીતે કરી પ્રભુના વ્યક્ત ગુણો અને ચેતનજીના આવરિત ગુણોની એકયતા ઘટાવી જિવનતત્ત્વને વિકસ્વર કરે એવી ભાવના અંતઃકરણ દૂર ન આવવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાલીમાં શ્વેતાંબર જૈનોના કુલ છ મંદિરો છે. સંભાળ સારી રહે છે. દેરાસરમાં દર્શન કરતાં આલ્હાદ થાય છે. શહેરમાં પણ એક ધર્મશાળા છે અને ઉપાશ્રય પણ સારો છે. શહેર ચોખ્ખું છે પણ બીકાનેર જેવું નહિ. મ્યુનિસિપાલીટિની દેખરેખ નહિ જેવી છે. પાલીથી એક માઈલ દૂર એક ડુંગરી છે તે બહુ સુંદર છે. એ ડુંગરીએ સવારે અથવા સાંજે જતાં મનમાં બહુ આલ્હાદ થાય છે. ડુંગરના પાદ સુધી ગાડીઓ જઈ શકે છે. ડુંગરી ઉપર પગથીઆં બાંધેલાં છે. ત્યાં ચડતાં અને ઉપરના સુંદર પ્રાસાદના દર્શન કરતાં બહુ આનંદ આવે છે. દેરાસરના વિશાળ ચોકમાં અજવાળી રાત્રે બેસવા લાયક છે. કોઈ પ્રકારનો ભય નથી. જરા ઉપર ચડતાં દેવીમંદિર આવે છે. અહીં ધર્મશાળા પણ છે. પાલીના લોકો જમણ–ઉજાણી નિમિત્ત અથવા પુર્ણિમાની રાત્રે અહીં બહુવાર આવે છે. જગા એટલી શાંત છે કે મનમાં તેની છાપ પડ્યા વગર રહે નહિ. અહીંથી આખા શહેરનો અને અનેક ખેતરોનો દેખાવ જોઇ શકાય છે. અમે ઉપર પહોંચ્યા ત્યારે સૂર્ય અસ્ત થવાનો વખત થવા આવ્યો હતો, તે પ્રસંગે મન ઉપર જે છાપ પડી છે, તે વારંવાર યાદ આવે છે. આવી શાંત જગામાં કાયોત્સર્ગ–ધ્યાન અથવા પ્રભુગુણગાન કરતાં ચેતન નિર્મળ થાય છે. યાત્રા દરમ્યાન આવા જે જે સ્થાનક ભેટવાનો પ્રસંગ આવે તેનો લાભ લેવામાં ચૂકવું નહિ.

પાલી શહેર સારૂં છે. મોટી મારવાડનું તે નાકું છે. ત્યાં મીઠાઇ, તમાકુ ( સુંઘવાની તપખીર ) અને બીકાનેરી કામળી તથા સંથારીઆ મળે છે. વ્યાપાર પણ સારો છે. શહેર લાંબું બહુ છે. અહીંથી મારવાડ જંકશન સ્ટેશને આવી જેને રાણકપુરની પંચતીર્થી, શીરોહી, બામણવાડાની પંચતીર્થી અને આબુ વિગેરે સ્થાનોએ જવું હોય ત્યાં જઇ શકાય છે. અમે સર્વે તો વખત ભરાઈ ગયેલા હોવાથી અહીંથી મુંબઇ પાછા ફર્યા.

મેવાડ મારવાડના તીર્થોમાં યાત્રા કરતાં બહુ આનંદ ઉપજે તેવું છે. રેલવેની સગવડ એટલી બધી વધી ગઈ છે કે બરાબર તપાસ કરી ચાલવામાં આવે તો કોઇ પણ જગોએ નકામો કાળક્ષેપ થતો નથી. ઉપરના ઘણાખરાં–લગભગ બધાં તીર્થસ્થાનો અને અન્ય સ્થળોમાં ધર્મશાળાની સગવડ છે અને તેની બાજુમાં મોદીઓની દુકાન હોય છે, નજીવી કિંમતે કામ કરનાર બાઇઓ મળી શકે છે અને ઘણી ખરી જગોએ તો વાસણ, ગોદડાંની પણ સારી સગવડ છે. રસોઇ કરનાર તો પોતાની સાથે રાખવાની જરૂર છે; કારણકે મારવાડી લોકોની કરેલી રસોઈ આપણને અનુકૂળ આવે કે નહિ એ ઘણાના સંબંધમાં શંકાસ્પદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેઓ ગૃહસ્થ હોય તેમણે સાથે સ્ત્રીઓ હોય તો પણ રસોઇ કરનાર સાથે રાખવો ઉચિત છે, કારણકે તેથી યાત્રામાં બહુ સગવડ પડે છે. દર્શનાદિથી પરવારી લેવાય તે દરમ્યાન રસોયો રસોઇ તૈયાર કરે છે. સ્ત્રીઓને માથે એ કામ હોય છે ત્યારે યાત્રામાં પુરૂષોએ પણ રોકાઇ રહેવું પડે છે. વળી પુરૂષ રસોયો હોય તો સ્ટેશનો પર તે સામાન લેવા મૂકવાનું કામ કરીને એક ચાકરની ગરજ પણ સારે છે. મુસાફરી દરમ્યાન વાસણ પણ સાથે રાખવાથી સગવડમાં વધારો પડે છે. વાસણો બહુ જુજ રાખવા અને એકમાં બીજા આવી જાય એવાં રાખવાં. એલ્યુમીનમ જેવી હલકી ધાતુના રાખવા. સામાન્ય પ્રકારની દવા પણ સાથે રાખવી. અજીર્ણ, ઉધરસ વિગેરે માટે ઉપચારની જરૂર પડે ત્યારે સાથે દવા હોય તો તાત્કાળિક ઉપાય થાય છે. સર્વે મોટાં શહેરોમાં દવાખાનાની સગવડ સારી હોય છે.

મેવાડ મારવાડનાં તીર્થોમાં એક વાત ખાસ જોવામાં આવી. અહીં દર્શન પૂજન વખતે આપણે જે ચોખા, બદામ, પૈસા વિગેરે મૂકીએ છીએ તે લગભગ દરેક મંદિરમાં તેના પૂજારીને [illegible] છે. ગોઠીઓને નામનો પગાર આપવામાં આવે છે. આનું કારણ જૈનબંધુએ [illegible] મંદ સ્થિતિ છે. તેઓ ગોઠીઓને પગાર આપી શકે એટલી સ્થિતિવાળા હો[illegible] નથી. આવી જૈનભૂમિ જેના નાના મોટા પ્રત્યેક ગામોમાં સેંકડો દેરાસરો છે, ત્યાંના બંધુઓની સ્થિતિનો વિચાર કરતાં મનમાં બહુ ખેદ થાય છે. કેટલીક જગોએ તો મંદિર લગભગ બંધ રહે છે, અને પૂજા કરનાર કોઇ હોતું નથી. આપણી કોમને માથે આ સર્વથી મોટી જવાબદારી છે. એના સંબંધમાં પૂર્ણ પ્રયત્ન કરી મેવાડ મારવાડમાં કેળવણીનો પ્રસાર થાય, ચેતનજીને ઓળખવામાં આવે અને તદ્દ્વારા પોતાની જવાબદારી સમજાય એવું શિક્ષણ આપવાની ખાસ જરૂર છે. એક બે મધ્યબિંદુઓમાં છાત્રાલયો, શિક્ષણગૃહો અને પાઠશાળાઓ ઉઘાડવાની જરૂર છે. આપણા મારવાડી બંધુઓ એને માટે પ્રયત્ન કરે છે, પણ તેમને ઉત્સાહ આપવાની અને તેમાં યથાશક્તિ ધનની અને સલાહની મદદ દેવાની ખાસ આવશ્યકતા છે. આપણા પૂર્વાચાર્યો ઘણા આ જગોપર થઇ ગયા છે. બંગાળા અને બિહાર જે ઘણા તીર્થંકરોની જન્મભૂમિ છે અને જ્યાં જૈનધર્મ વૃદ્ધિ પામ્યો છે ત્યાં જ્યારે ધર્મનો પ્રભાવ ઓછો થઇ ગયો ત્યારે જૈન ઇતિહાસમાં મેવાડ મારવાડે લગભગ પાંચસેં છસેં વરસ સુધી નામ કાઢયું છે. આવા પવિત્ર સ્થાનોની પવિત્રતા તેના વિશાળ ચૈત્યો અને ચૈત્યમાં બિરાજમાન અનુપમ જિનબિંબો બતાવી આપે છે. એવી પવિત્ર જગોને તેની પૂર્વની ઉચ્ચ ભૂમિકાપર મૂકવા માટે સતત પ્રયાસની અને ખાસ કરીને ત્યાંના સ્થાનિક બંધુઓને જુદે જુદે પ્રકારે સહાય કરવા દ્વારા ઉત્સાહ આપવાની ખાસ જરૂર છે. કેશરીઆજી, મક્ષીજી, ફલોધી વિગેરે વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવાં એવાં પવિત્ર સ્થાનો આ ભૂમિમાં આવી રહેલાં છે કે એની શાંતિ, નૈસર્ગિક પવિત્રતા અને આજુબાજુની સ્થિતિ યાદ કરતાં મનમાં હર્ષના ઉભળકા આવે છે. એવા પવિત્ર તીર્થનો વહિવટ જેના હાથમાં છે તેના હાથમાં રહેવા દઇ તેઓપર એક માધ્યમિક સંસ્થા (central organization) સૂચના, દેખરેખ અને આડકતરો કાબુ રાખે અને તેઓના હક વિગેરેના પુરાવાઓનો સંગ્રહ કરી રાખે તો આયંદે તેથી બહુ લાભ થાય એમ લાગે છે. આ કાર્ય કોન્ફરન્સ કરે, તીર્થ રક્ષક કમીટિ કરે કે આણંદજી કલ્યાણજીની સંસ્થાને તે હક શ્રી સંઘ આપે, ગમે તેમ પણ આવી માધ્યમિક સંસ્થા હોવાની ઘણાં કારણોથી ખાસ જરૂર છે. આ સંબંધમાં યોગ્ય વિચાર કરવા વિજ્ઞપ્તિ છે.

પવિત્ર સ્થાનોની ભેટ લઇ આત્માની વિચારણા કરી વારંવાર એવી ભાવના રાખવી કે ફરી વખત આવા તીર્થસ્થાનોએ આવવાનું અને ચેતનજીને વિકસ્વર કરવાનું કારણ બની આવે. જીવનકાળમાં આવી સારી રીતે જે વખત ગાળવામાં આવ્યો હોય છે તે ખરેખરો વખતનો સદુપયોગ છે. આત્મિક ઉન્નતિ કરવાનાં વિશુદ્ધ આશયથી હાથ ધરેલ તીર્થયાત્રા આત્માને એટલો ઉન્નત બનાવી શકે છે તેનું વર્ણન અત્યારે અનાવશ્યક છે, પરંતુ એટલી ખાસ વિજ્ઞપ્તિ છે કે જેમ બને તેમ ઉપાધિ ઓછી કરી યોગ્ય માણસો સાથે જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે આવા પવિત્ર સ્થાનોની ભેટ લેવી અને તેમ કરી નરભવને સફળ કરવો.

# अहिंसा दिग्दर्शन.

( અનુસંધાન પૃષ્ઠ ૧૮૯ થી. )

**( અનુવાદક માવજી દામજી શાહ. )**

સકલ દર્શનકારોએ અહિંસાની અધર્મમાં ગણત્રી કરેલ છે અને સર્વથી શ્રેષ્ઠ દયાધર્મનેજ માન્યો છે. એમાં કોઇ આસ્તિકને વિવાદ નથી. તોપણ દરેક ધર્મવાળાઓને આ સ્થળે શાસ્ત્રીય પ્રમાણ દેવાથી વધારે દૃઢતા થશે. એટલા માટે હિંદુમાત્રને માનનીય મનુસ્મૃતિ તથા મહાભારત અને કુર્મ વગેરે પુરાણોની સાક્ષી આપવમાં આવે છે.

એમાં પહેલાં મનુસ્મૃતિને જુઓ.

यो हिंसकानि भूतानि, हिनस्त्यात्मसुखेच्छया ॥
स जीवँश्च मृतश्चैव, न क्वचित् सुखमेधते ॥ १ ॥

નિર્ણયસાગરમાં છપાયલી મનુસ્મૃતિ અ. ૫. શ્લોક ૪૫. પુષ્ઠ. ૧૮૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અર્થાત્**–નિરપરાધી જીવોને જે પોતાના સુખની ઇચ્છાથી મારે છે તે જીવતો છતો પણ મરી ગયા તુલ્યજ છે. કારણ કે તેને કયાંઇ પણ સુખ મળતું નથી.

તેમજ–

" यो बन्धनवधक्लेशान, प्राणिनां न चिकीर्षति ॥
स सर्वस्यहितप्रेप्सुः, सुखमत्यन्तमश्नुते " ॥ ४६ ॥

**ભાવાર્થ**–પ્રાણીઓને વધ–બંધન વગેરે કલેશો પમાડવાને જે નથી ઇચ્છતો તે તમામનો શુભેચ્છક અત્યંત સુખરૂપ સ્વર્ગ અથવા મોક્ષને મેળવે છે.

બીજું પણ જુઓ–

" यद् ध्यायति यत् कुरुते, धृतिं बध्नाति यत्र च ॥
तदवाप्नोत्ययत्नेन यो हिनस्ति न किञ्चन " ॥ ४७ ॥

**તાત્પર્ય**–જે પુરૂષ સ, મચ્છર વગેરે નાના અથવા મોટા જીવોને મારતા નથી, તે ધારેલી વસ્તુ મેળ વા ભાગ્યશાળી નિવડે છે. અને જે કરવા ઇચ્છે તે કરી શકે છે. અથવા જ્યાં પુરૂષાર્થ ધ્યાન વગેરેમાં લક્ષ્ય બાંધે તે પ્રયાસ વગરજ (અલ્પ પ્રયાસે) સિદ્ધ કરી શકે છે. અર્થાત્ અહિંસા કરનાર પ્રતાપી પુરૂષ જે મનમાં વિચારે તે તુરતજ પામી શકે છે.

બીજું એ પણ લખ્યું છે કે—

नाकृत्वा प्राणिनां हिंसां, मांसमुत्पद्यते क्वचित् ॥
नच प्राणिवधः स्वर्ग्यस्तस्मान् मांसं विवर्जयेत् ॥ ४८ ॥

**ભાવાર્થ**—પ્રાણીઓની હિંસા કર્યા વગર માંસ કયારે પણ ઉત્પન્ન થઇ શકતું નથી અને પ્રાણીઓનો વધ સ્વર્ગના સુખ દેતો નથી. એટલા માટે માંસનો સર્વ પ્રકારે ત્યાગ કરવોજ ઉચિત છે.

બીજું પણ એમ કહ્યું છે કે—

समुत्पत्तिं च मांसस्य, वधबन्धौ च देहिनाम् ॥
प्रसमीक्ष्य निवर्तेत, सर्व मांसस्य भक्षणात् ॥४९॥

**તાત્પર્ય**—માંસની ઉત્પત્તિ અને પ્રાણીઓની હિંસા, તેમજ બંધનને જોઇને સર્વ પ્રકારના માંસ ભક્ષણથી મનુષ્યોએ દૂર રહેવું જોઇએ.

**વિવેચન**–પૂર્વોક્ત મનુસ્મૃતિના પાંચમા અધ્યાયના ૪૪થી ૪૯ સુધીના શ્લોકોનું રહસ્ય જાણનાર કદાપિ માંસ ભક્ષણ નહિ કરશે.

કેમકે સીધો માર્ગ છોડીને આડા માર્ગે ચાલવાનું કોઇને પણ મન થશે નહિ. ૪૯ મા શ્લોકમાં તમામ પ્રકારના માંસ ભક્ષણથી નિવૃત્ત થવાનું મનુજીએ ફરમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યું છે. એથી વિધિપૂર્વક માંસ ખાવાથી દોષ નહિ માનનારાઓનો પક્ષ સર્વથા નિર્બલજ થઈ ગયો. કેમકે દેવતાઓની માંસાહાર કરવાની પ્રકૃતિજ હોતી નથી. કદાચ મો મણ માંસ દેવતાઓની સામે રાખવામાં આવે તો પણ એક નવટાંક પણ ઓછું નહી થાય, અથવા દશ બકરાંઓને દેવતાના મંદિરમાં રાત્રિએ રાખીને ચોમેર એ મંદિરનું રક્ષણ કરવામાં આવે અને પ્રભાતે એ મંદિર ખુલ્લું કરવામાં આવે તો એ દશ બકરાંઓમાંથી એક પણ ઓછા થશે નહિ. એથી એમ સાબીત થાય છે કે માંસ માત્રના લોભી લોકો બિચારા ભોળા લોકને ભરમાવીને ખાલી બીજાના પ્રાણોનો નાશ કરાવે છે. પોતાની જીભની ક્ષણિક તૃપ્તિને માટે બિચારા અનાથ જીવોના જન્મોને નષ્ટ કરાવે છે.

કેટલાએક ભક્ત લોકો દેવીની સામે માનતા કરે છે કે—"હે માતાજી! મારો પુત્ર જો અમુક રોગથી બચશે તો હું આપને એક બકરો ચઢાવીશ." કદાચ કર્મના યોગે બાળકને આયુષ્યના બળથી આરામ થાય તો માનતા કરનાર લોકો એમ સમજે છે કે માતાજીએ કૃપા કરીને મારા પુત્રને જીવિતદાન દીધું. ત્યારે ખુશી થઇને નિરપરાધી બકરાને ગાજતાં વાજતાં આભુષણાદિક પહેરાવી માતાની પાસે લઇ જાય છે. અને ત્યાં તેને નવરાવીને તેમજ ફુલ ચઢાવીને તથા સ્વર્ગ પ્રાપ્ત કરાવનાર મંત્રોને તેને મારતી વખતે બ્રાહ્મણો પાસે ભણાવીને બકરાના પ્રાણ નિર્દય રીતે અલગ કરાવે છે. આ સ્થળે એક કવિનું વાક્ય યાદ આવે છે કે—

"માતા પાસે બેટા માંગે, કર બકરેકા સાટા:
અપના પૂત ખિલાવણ ચાહે, પૂત દુજેકા કાટા.
હો દિવાની દુનીયા!"

જુઓ—બીજાના પુત્રોને મારીને પોતાના પુત્રની શાંતિ ચાહનારી દુનીયા છે. આ સ્થળે ધ્યાન દેવું યોગ્ય છે કે પહેલાં માનતારૂપ કલ્પનાજ ખોટી છે. કદાચ માનતાથી દેવી આયુષ્યને વધારી દે, તો દુનીયામાં કોઇ મરતજ નહિ. જે લોકો માનતા માને છે, તેઓને કદાચ સોગનપૂર્વક પૂછવામાં આવે તો તેઓ પણ અવશ્ય એમ કબુલ કરશે કે તમામ માનતા અમારી સફળ થતી નથી. કેટલીક વાર તો હજારો માનતા કરતાં છતાંએ પુત્ર વગેરે મરણનેજ પ્રાપ્ત થાય છે. એથી માનતા બંને રીતે ફોકટ છે. કેમકે રોગીનું આયુષ્ય હોય તો તે ક્યારે પણ મરનાર નથી. ત્યારે પછી તેમાં માનતાનું કશું પ્રયોજન નથી. અને કદાચ આયુષ્ય ન હોય તો બચનાર નથી તો પણ માનતા નિષ્ફળ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજું પણ વિચારો કે કદાચ બકરાની લાલચથી દેવી તમારા રોગોને નાશ કરશે તો તે તમારી નોકર ઠરી. અથવા રૂશ્વત-લાંચ લેનારી થઇ. કેમકે જેનાથી માલ મળે તેનું તો ભલું કરે અને જેના તરફથી ન મળે તેનું ભલું ન કરે. લાંચ ખાનારાઓની દુનીયામાં કેવી માન-મર્યાદા હોય છે તેનો વાંચકો સ્વયં ખ્યાલ કરશે.

મહાશય ! માતા શબ્દનો અર્થ પહેલાં વિચારો. કે જે પાલન-પોષણ સર્વ પ્રકારે કરે તેજ માતા કહેવાય છે ત્યારે જેની પાસે બકરાનું બળિદાન કરવામાં આવે તે જગદંબાના નામથી જગતમાં કેમ પ્રસિદ્ધ થઇ શકે? કેમકે જે સમસ્ત જીવોની માતા છે તેજ જગદંબા કહી શકાય છે. તો સમસ્ત જીવોની અંદર બકરાં વગેરે પણ (જેને બળી દેવામાં આવે છે) આવ્યા. તેની પણ માતા તો ઠરીને? હવે વિચાર કરો કે એક પુત્રને ખાઇને માતા બીજાને બચાવે? શું એવું ક્યારેએ થઇ શકે છે? કેમકે માતાને તમામ પુત્ર સરખાંજ વ્હાલા હોય છે. અજ્ઞાની લોકો સ્વાર્થાંધ થઇને માતાની ઇચ્છાથી વિરૂદ્ધ આચરણ કરીને જીવ-હિંસાને માટે સાહસ કરે છે, એ કારણથીજ આ જમાનામાં મરકી, કોલેરા વિગેરે મહા કષ્ટોને લોકો ભોગવે છે. કેમકે માતા હાથમાં લાકડી લઇને મારતી નથી, માત્ર પરોક્ષપણે મનુષ્યોને અનિતિનો દંડ દે છે. મેં પોતે જોયું છે કે વિંધ્યાચળમાં દેવીનું મંદિર છે. ત્યાં હજારો સંસ્કૃતના પંડિતો વિશેષે કરીને નવરાત્રમાં ભેગા થાય છે, અને પ્રભાતથી માંડીને સાયંકાળ સુધી તે સઘળા લોકો સમશતી (દુર્ગા-પાઠ) નો પાઠ કરે છે. જેમાં દુર્ગાની ભક્તિની પ્રશંસાજ છે. પરંતુ ત્યાં અનાથ, નિર્નાથ અને સૌથી ગરીબ બકરાં અને પાડાનું બળિદાન જે દેવામાં આવે છે તે જોઇને તેના ભક્તોના મનમાં પણ એક વાર શંકા થાય છે કે આવી હિંસા કરીને પૂજા કરવી કયાંથી ચાલી આવતી હશે? માતા પણ પોતાના પુત્રને મારવાથી નારાજ થઇને ત્યાંજ કોલેરા વિગેરે રૂપે ઉપદ્રવ કરે છે. ત્યારે બ્રાહ્મણ વિગેરે ભાગે છે અને કેટલાએક લોક બકરાંના માર્ગ તરફ જનારા થાય છે. આ વાત ઘણી વાર લોકોનાં પ્રત્યક્ષ જોવામાં આવે છે અને સ્વયં અનુભવવામાં પણ આવે છે. તો પણ પકડેલા ગધેડાના પૂંછડાને છોડતાજ નથી. માતાની ભક્તિ બકરાં મારવા-થીજ થતી નથી. પોતપોતાના મતમાં માનેલી કાળી, મહાકાળી, ગૌરી, ગાંધારી, અંબા, દુર્ગા વિગેરેની સેવા ઉત્તમોત્તમ પદાર્થો ચડાવીને કરવી જોઇએ. કેટલા-એક લોકો દુર્ગાપાઠની સાક્ષી આપીને પશુપૂજાને માટે આગ્રહ કરે છે, તેઓએ સમજવું જોઇએ કે, " पशुपुष्पैश्च धूपैश्च " એ જે પાઠ છે એમાં વિચાર કરો કે પુષ્પને જેમ સાબીત (ભાંગ્યા તોડ્યા શિવાય) ચડાવવામાં આવે છે એમજ પશુને પણ ચડાવી દેવું જોઇએ. અર્થાત્ ચડાવતી વખતે એવી પ્રાર્થના કરવી જોઇએ કે. હે જગદમ્બે ! આપના દર્શનથી અમે જેમ નિર્ભય અને આનંદથી રહીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છીએ તેમજ તમારા દર્શનથી પવિત્ર થયેલ બકરો પણ જગત્માં નિર્ભય થઇને ફરે ફરે. અર્થાત્ કોઇ માંસાહારીની છરી તેના ગળા પર ન ફરે. એવો સંકલ્પ કરીને બકરાને છોડવો જોઇએ. જેથી કરીને પુન્ય થાય અને માતા પણ પ્રસન્ન થાય. વળી જગદંબાનો સાચો અર્થ પણ કહેવાય. અન્યથા જગદંબાનું નામ, રહેતાં રહેતાં જગદ્ભક્ષિણી થઇ જશે.

મહાનુભાવ ! મનુજીએ ૪૮ અને ૪૯ માં શ્લોકમાં પ્રાણીઓની હિંસાથી સ્વર્ગનો નિષેધ સ્પષ્ટ બતાવી આપ્યો છે. કદાચ તે શ્લોકોને કલ્પિત માનશો તો માંસાહારથી સ્વર્ગ થાય છે એને પણ કલ્પિત કાં ન માનવું? જ્યારે બંને કલ્પિત નથી તો આ બંને શ્લોક બળવાન છે. અને બળવાનથી દુર્બલ બાધિત થાય છે. જુઓ એજ અધ્યાયના ૫૩-૫૪-૫૫ શ્લોકોમાં-

"वर्षे वर्षेऽश्वमेधेन, यो यजेत शतं समाः ॥

मांसानि च न खादेद् य-स्तयोः पुण्यफलं समम्" ॥ ५३ ॥

**ભાવાર્થ**—વરસે વરસે એક પુરૂષ અશ્વમેધ કરે અને સો વર્ષ સુધી યજ્ઞ કરે, અને એક પુરૂષ બિલકુલ માંસ ખાય જ નહિં તો એ બંનેનું ફળ સરખુંજ છે.

"फलमूलाशनैर्मेध्यै-र्मुन्यन्नानां च भोजनैः ॥

न तत्फलमवाप्नोति, यन्मांसपरिवर्जनात्" ॥ ५४ ॥

**અર્થાત્**-પવિત્ર ફળ, મૂળ વગેરે તથા નિવારાદિનું ભોજન કરવાથી પણ જે ફળ મળતું નથી તે માત્ર માંસાહારના જ ત્યાગથી ફળ મળે છે.

"मां स भक्षयिताऽमुत्र, यस्य मांसमिहाद्म्यहं ॥

एतन्मांसस्य मांसत्वं, प्रवदन्ति मनीषिणः" ॥ ५५ ॥

**અર્થાત્**-જેનું માંસ હું અહિં ખાઉં છું, તે જન્માંતરમાં મને પણ અવશ્ય ખાશેજ. એવો "માંસ" શબ્દનો અર્થ વિદ્વાનોએ કરેલો છે.

**વિવેચન**—૫૩ મા શ્લોકમાં લખ્યું છે કે, સો વર્ષ સુધી અશ્વમેધ યજ્ઞ કરવાથી જે ફળ મળે છે તે ફળ માત્ર માંસાહારનો ત્યાગ કરવાથીજ મળે છે. હિંદુશાસ્ત્રાનુસાર અશ્વમેધ યજ્ઞનો વિધિ ઘણોજ કઠિણ છે. કેમકે પહેલાં તો સમસ્ત પૃથ્વી જીતવી જોઇએ, ત્યારે અશ્વમેધ યજ્ઞ કરવાનો અધિકારી થાય છે અને એ ઉપરાંત પણ લાખો રૂપીયાનો ખર્ચ કરવો પડે છે. એટલું છતાં હિંસાજન્ય દોષ જરૂર થાય છે. એવું "સાંખ્યતત્ત્વ કૌમુદી" માં દર્શાવેલ છે. "**स्वल्पः संकरः सपरिहारः संप्रत्यवमर्षः**" અર્થાત્ સ્વલ્પ-થોડા સંકર-દોષ સહિત યજ્ઞનું પુન્ય છે. અને સપરિહાર-કેટલાક તો પ્રાયશ્ચિત લઇને શુદ્ધ કરવા યોગ્ય, તેમજ સપ્રત્યવમર્ષ અર્થાત્ જો ન થાય તો પુન્ય ભોગવતી વખતે હિંસા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જન્મપાપ પણ અવશ્ય સહન કરવુંજ પડશે વિગેરે.

જો કે આ વિષયમાં વૈદિક ધર્મને • કે માનનારા સાથે વિવાદ છે તોપણ મનુજીએ માંસાહાર ત્યાગ કરવાથી જે ફળ બતાવ્યું છે, એ તો દરેકના મતમાં નિર્વિવાદ તેમજ અનાયાસ સાધ્ય હોવાથી સર્વ પ્રકારે સ્વીકાર કરવા લાયકજ છે. ૫૪ મા શ્લોકમાં લખ્યું છે કે મુનિઓનો આચાર પાળવાથી જે પુન્ય થાય છે તે પુન્ય માત્ર માંસાહારનો ત્યાગ કરવાથીજ મળે છે. અર્થાત સુકાં ફળ પાંદડાં વિગેરેના આહારથી જે લાભ થાય છે તે લાભ માંસાહારનો ત્યાગ કરવાથી થાય છે. એવા સરલ, નિર્દોષ અને નિર્વિવાદ માર્ગને પડતો મુકીને સદોષ અને વિવાદવાળો માર્ગ પકડનાર અને અન્યના પ્રાણને જોખમમાં નાંખનારા કૃત્યોથી સ્વર્ગને ઈચ્છનાર મનુષ્યે ૫૫ મા શ્લોક પર અવશ્ય નજર નાખવી જોઇએ. માંસ શબ્દની નિરૂક્તિમાં એવું લખ્યું છે કે "**मां**" અર્થાત્ મને ખાનાર "**सः**" અર્થાત્ તે થશે કે જેનું માંસ હું ખાઉં છું. એવો માંસ શબ્દનો અર્થ મનુજી મહારાજ કહે છે. હવે મનુજીના વાક્યને માનીને યજ્ઞ વિગેરે કરનારાઓએ દૃષ્ટિપાત કરવો જોઇએ કે સ્વર્ગમાં જવાને માટે અનેક રસ્તાઓ છે, તો પછી દરેક પ્રજાને અનુકૂળ રસ્તાથીજ જવું સર્વથા ઠીક છે. અર્થાત પ્રજાવર્ગથી પ્રતિકૂળ માર્ગે થઇને જવું તે અનુચિત છે.

પુરાણોએ પણ પોકાર કરીને હિંસાનો નિષેધ કર્યો છે. જુઓ વ્યાસજીએ પુરાણોમાં એવી રીતે કહ્યું છે—

"ज्ञानपालीपरिक्षिप्ते, ब्रह्मचर्यदयाम्भसि ।
स्नात्वातिविमले तीर्थे, पापपङ्कापहारिणि" ॥ १ ॥
"ध्यानाग्नौ जीवकुम्भस्थे, दममारुतदीपिते ।
असत्कर्मसमित्क्षेपै–रग्निहोत्रं कुरूत्तमं" ॥ २ ॥
"कषायपशुभिर्दुष्टै–र्धर्मकामार्थनाशकैः ।
शममंत्रहुतैर्यज्ञं, विधेहि विहितं बुधैः" ॥ ३ ॥
"प्राणिघातात्तु यो धर्म–मीहते मूढमानसः ।
स वाञ्छति सुधावृष्टिं, कृष्णाहिमुखकोटरात्" ॥ ४ ॥

**અર્થાત્**–જ્ઞાનરૂપ પાલિથી યુક્ત, બ્રહ્મચર્ય અને દયારૂપ જળમય, અત્યંત નિર્મળ, પાપરૂપ કિચ્ચડને દૂર કરનાર તીર્થમાં સ્નાન કરીને ધ્યાનાગ્નિમય દમરૂપ વાયુથી તપી ગયેલ જીવરૂપ કુંડમાં અસત્કૃત્ય (દુષ્કાર્ય) રૂપ કાષ્ઠોવડે ઉત્તમ (અગ્નિહોત્ર) યજ્ઞો કરો. ક્રોધ, માન, માયા અને લોભ વિગેરે કષાયરૂપ દુષ્ટ પશુઓને (જે ધર્મ, અર્થ અને કામનો નાશ કરનારા છે તેને) શાંતિરૂપ મંત્રથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારીને પંડિતોએ બતાવેલ એવો યજ્ઞ કરો. પ્રાણીઓના નાશથી જે મનુષ્ય ધર્મની ઇચ્છા રાખે છે તે કાળા સર્પના મોઢામાંથી અમૃતની વૃષ્ટિ ઇચ્છે છે.

**વિવેચન**—પૂર્વોક્ત ચારે શ્લોકોવડે અહિંસામય યજ્ઞને વાંચકો સમજી ગયા હશે. આવી રીતે યજ્ઞ કરવાથી શું સ્વર્ગ નહિ મળશે? કદાચ આ વિધિમાં પ્રતીતિ ન હોય તો વિવાદવાળી સદોષ વિધિમાં તો અત્યંત રીતે વિશ્વાસ કરી શકાતો નથી. કેમકે હિંસાજન્ય કાર્યના સંબંધમાં વેદને માનનારાઓમાં પણ ઘણી વિપરીત માન્યતા છે. જુઓ અર્ચિ માર્ગિયોના ઉદ્ગાર. જેમકે—

" देवापहारव्याजेन, यज्ञव्याजेन येऽथवा ॥
घ्नन्ति जन्तून् गतघृणा, घोरां ते यान्ति दुर्गतिम् " ॥ १ ॥

**ભાવાર્થ**—દેવની પૂજાને નિમિત્ત કે યજ્ઞકર્મના નિમિત્ત જે નિર્દય પુરૂષ પ્રાણીઓને નિર્દય થઇને મારે છે, તે ભયંકર દુર્ગતિમાં જનાર થાય છે. અર્થાત્ દુર્ગતિને પામે છે.

અપૂર્ણ

# श्री राधनपुर जैनमंडळनो वीजो वार्षिक रीपोर्ट.

આ રીપોર્ટ સં. ૧૯૬૮ના બીજા અશાડ શુદિ ૧ થી સં. ૧૯૬૯ના અશાડ વદ ૦)) સુધીનો છે. તેની અંદર પ્રથમની સીલક રૂ. ૨૨૧-૪-૦ ઉપરાંત રૂ. ૨૨૧૮-૬-૦ નવા આવેલા છે. એકંદર રૂ. ૨૪૩૯-૧૦-૦ જમે થયેલા છે. તેમાંથી ખર્ચ રૂ. ૧૫૦૦-૬-૩ થયેલું છે અને સીલક રૂ. ૯૩૯-૩-૯ રહેલ છે. આ મંડળે ખાસ કાર્ય કેળવણીને લગતું હાથ ધરેલું છે. ઉપરાંત બીજા પણ જૈન બંધુઓને સહાય કરનારા કાર્ય તેને લગતા હોવાથી હાથમાં લીધેલા છે. મંડળનો હેતુ પ્રશસ્ય છે અને કાર્યવાહકો પણ સતત પ્રયત્નવાન્ જણાય છે. રીપોર્ટ વાંચતા તેના તરફથી પ્રસ્તુત વર્ષમાં થયેલા કાર્યો સંતોષ આપે તેવાં છે. મુંબઈમાં વસતા રાધનપુર નિવાસી સર્વ જૈન બંધુઓ આ મંડળમાં એકત્ર થયેલ જણાય છે, તેથી આ મંડળનું કાર્ય આગળ ઉપર આથી પણ વધારે દીપી નીકળવા સંભવ છે. જ્યાં સંપ, ઉદારતા અને પોતાની ફરજ સમજવાપણું છે ત્યાં કાર્યસિદ્ધિ અવશ્ય થાયજ છે. કોઇ પણ કાર્યની સિદ્ધિને માટે તેના કાર્યવાહકોમાં જો સંપ હોય, દીલની ઉદારતા હોય અને પોતાની ફરજને સમજવાપણું હોય તો તે કાર્ય નિઃશંસય સિદ્ધ થાય છે. જ્યાં જ્યાં કાર્યસિદ્ધિમાં ખામી જણાયછે ત્યાં ત્યાં દૃષ્ટિ લંબાવતાં તે ત્રણ વાનાંની ખામી દૃષ્ટિગોચર થાયજ છે. અમે આ મંડળનો અંતઃકરણથી ઉત્કર્ષ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગોઘામાં યાત્રાળુ માટે સગવડ.

( એક અનુકરણીય કાર્ય. )

**ગોઘા** શહેર ભાવનગરથી ૧૧ માઇલ દરીઆના કિનારા ઉપર આવેલું છે. એ પ્રથમ **ગોઘા પાટણ**ના નામથી ઓળખાતું હતું. તેની અંદર વસ્તી પણ પુષ્કળ હતી. **લંકાની લાડી ને ગોઘાનો વર** એ કહેવત પણ તેની અગ્રગણ્યતાને અંગેજ પડેલી છે. ત્યાં આપણા ત્રણ દેરાસરો છે. તેમાં મુખ્ય દેરાસર **શ્રી નવખંડા પાર્શ્વનાથજી**નું છે. તે મૂર્ત્તિ પ્રાચીન, પ્રભાવિક અને અર્થનિષ્પન્ન નામવાળી ( મળી ગયેલા નવ ખંડવાળી ) છે. શ્રી સિદ્ધાચળની યાત્રાએ આવનારા ઘણા યાત્રાળુઓ રેલવેની સગવડથી ભાવનગર આવી ત્યાંથી ગોઘાની યાત્રા કરવા માટે જરૂર જાય છે. કાર્ત્તકી પુર્ણિમા પછીથી યાત્રાળુની આવદાની વધારે થવા માંડે છે. તેવી રીતે આવતા યાત્રાળુઓની શ્રી સંઘ તરફથી ભક્તિ થવાની આવશ્યકતા જણાયાથી ત્યાં ચતુર્માસ રહેલા **મુનિરાજ શ્રી ગુલાબવિજયજી મહારાજે** તે બાબત શ્રાવકવર્ગને ઉપદેશ કર્યો, તેની તાત્કાળિક અસર થતાં દેરાસરની સામેનું એક મકાન તેના માલિક તરફથી એ કાર્ય માટે શ્રી સંઘને અર્પણ કરવામાં આવ્યું અને તે મકાનમાં બેસારી યાત્રાળુઓને લાડવા ગાંઠીઆ ( તળાટીની રીતે ) આપવાના ખર્ચ માટે **શ્રાવિકા બ્હેન રામબા આણંદજી. દોશી કરમચંદ વીરચંદની વિધવાએ** રૂ. ૨૦૦૦) નું વ્યાજ એ શુભ કાર્યમાં આપવાની પહેલ કરી. શ્રી સંઘે તરતજ તેનો સ્વીકાર કર્યો અને તે ખાતાને તેનું નામ આપવાનું કબુલ કરી તેમના નામનું બોર્ડ મારવા ઠરાવ કર્યો.

પરંતુ ઉક્ત કાર્યમાં વાર્ષિક ખર્ચ વધારે થવાનો સંભવ જણાવાથી મહારાજશ્રીએ ઉપદેશ શરૂ રાખ્યો, તે ઉપરથી નીચે લખેલા ગૃહસ્થોએ દશ વર્ષ પર્યંત દર વર્ષ નીચે પ્રમાણેની રકમ પોતાની તરફથી આપવાનું કબુલ કર્યું.

૧૦૦) શેઠ જીવણભાઇ જેચંદ.
૨૫) પરી. શંકરદાસ પ્રાગજી.
૨૫) શા. ગાંડાભાઇ ઝીણાભાઇ.
૧૦) સંઘવી ઠકલ પાનાચંદ હા. હલીચંદ.
૧૦) શા. ઉકડ ભાણજી.
૧૦) પરી. વીઠલદાસ મોતીચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦) શા. રામચંદ આંબા.

૧૦) પરી. હકુ ગલાલચંદ હા. નરોત્તમ.

૧૦) દોશી. તારાચંદ દામજી હા. ખુબચંદ.

૧૦) પરી. જીવરાજ ડીકા હા. બાઇ દીવાળી.

૧૦) સોની ઉમેદ અમીચંદ હા. બાઈ જકલ.

ઉપર જણાવેલા રૂ. ૨૦૦૦) ના ભાવનગર દરબારી ઓનર શા. આણંદજી પરશોતમવાળા તેમની પુત્રીનીવતી લેવાના છે, તેનું વ્યાજ તા. ૧ લી ફેબ્રુવારીએ આવે છે, તે વખતે ઉપર જણાવેલી વાર્ષિક રકમ પણ વસુલ કરી લેવાની છે.

ઉપર પ્રમાણેની રકમ મુકરર થતાં હવે એ ખાતું નિર્વિઘ્ને ચાલ્યા કરશે એવી મહારાજશ્રીની ખાત્રી થવાથી તેઓ સાહેબે પોતા તરફથી સંતોષ બતાવ્યો.

બાદ શ્રી સંઘે ઠરાવ કર્યો કે—આ ખાતામાં યાત્રાળુ તરફથી જે રકમ આપવામાં આવે તે સ્વીકારવી; પરંતુ દશ વર્ષ સુધી તે તળાટી ખાતે જમે રાખવી. અને દશ વર્ષ બાદ ઉપર જણાવેલા બધા ગૃહસ્થો પોતાની તરફની મદદ ચાલુ રાખવા કબુલ કરે તો તે રકમ સાધારણ ખાતાની તૂટમાં લઇ જવી. પણ તે બધી કબુલ ન રહે તો તળાટી ખાતે એકત્ર થયેલી અને દશ વર્ષના ખર્ચથી વધેલી રકમનું વ્યાજ એ ખાતામાં વાપરવા આપવું. અને પછી દરવર્ષના ખર્ચમાંથી જો કાંઇ રકમ વધે તો તે સાધારણ ખાતે લઇ જવી.

ઉપર જણાવેલું કાર્ય અન્ય તીર્થોની સમીપ વસતા ગૃહસ્થોએ પણ અનુકરણ કરવા યોગ્ય છે. મુનિમહારાજના સતત ઉપદેશથી જે ઉત્તમ કાર્ય કરવાનું ધારવામાં આવે તે અવશ્ય સિદ્ધ થાયછે, તેનું આ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. કારણ કે ગોઘા શહેર હાલમાં તદન પડી ભાંગેલું છે. છતાં મુનિરાજનો વિહાર કાયમ રહ્યા કરે છે અને અવારનવાર નવા નવા મહોત્સવો પણ થયા કરે છે. તેમજ આવા ઉત્તમ કાર્યોની સ્થાપના થાય છે તે બધા મુનિરાજના ઉપદેશનાજ શુભ પરિણામ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીશસ્થાનક તપ કરનારાઓને માટે બહાર પડેલી બુકોની પહોંચ અને અવલોકન.

## वीशस्थानक पद पूजासंग्रह.

આ નામની બુક શ્રી સુરત નિવાસી **ઝવેરી રૂપચંદભાઇ લલુભાઇ** તરફથી હાલમાંજ બહાર પાડવામાં આવી છે. તેની અંદર શ્રી રૂપવિજયજી મહારાજ અને શ્રી આત્મારામજી મહારાજ કૃત વીશસ્થાનકની પૂજા, તેની વિધિ, વીશસ્થાનકના ચૈત્યવંદન, સ્તુતિ અને સ્તવન પૃષ્ટ ૮૦ સુધીમાં આપવામાં આવ્યા છે. ત્યાર પછી પૃષ્ટ ૮૧ થી ૧૪૮ સુધી એ તપ આરાધન કરવાની વિધિ આપવામાં આવી છે. એમાં પ્રત્યેક પદના ખમાસમણ તેના ભેદ બતાવીને વિસ્તારથી આપવામાં આવેલ છે. પરંતુ આ ૬૮ પાનામાં આપેલ વિધિ તપગચ્છની આમ્નાયની જણાતી નથી. ખરતર ગચ્છની આમ્નાય પ્રમાણેની હોવા સંભવ છે. એ વિધિની સમાપ્તિ સાથે બુક સમાપ્ત કરવામાં આવી છે. કિંમત રાખવામાં આવી નથી, તેથી વીશસ્થાનક તપ કરનારાઓને ભેટ આપવા માટેજ છપાવી છે એમ નિર્ણય થાય છે. પ્રસિદ્ધ કર્ત્તા તરફ લખવાથી એ તપ કરનારાઓને આ બુક ભેટ મળીશકે છે.

## वीशस्थानक पद पूजा तथा कथा संग्रह.

આ બુક અમદાવાદ નિવાસી **શા. હઠીસીંગ દામોદરદાસે** છપાવીને બહાર પાડેલી છે. કિંમત એક રૂપીઓ રાખી છે. તેની અંદર ઉપર જણાવેલી બુકમાં પાછળ જે ૬૮ પૃષ્ટમાં એ તપના આરાધનનો વિધિ આપેલો છે તેજ પૃષ્ટ ૬૮ પ્રારંભમાં અક્ષરશઃ આપેલા છે. બંને એક સાથેજ છપાયેલ જણાય છે. ત્યાર પછી પૃષ્ટ ૬૯ થી ૧૦૪ સુધીમાં શ્રી વિજયલક્ષ્મી સૂરિકૃત વીશસ્થાનકની પૂજા, તેનો વિધિ, ઉજમણામાં મુકવાની વસ્તુઓનું લીસ્ટ અને વીશસ્થાનકના ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ આપેલાં છે. ત્યાર પછી વીશસ્થાનક ઉપરની વીશ કથાઓ શ્રી જિનહર્ષ સૂરિકૃત વીશસ્થાનકના રાસ ઉપરથી બુકના બીજા ભાગ તરીકે પૃષ્ટ ૧ થી ૩૧૨ સુધી આપેલી છે. આ કથાની ભાષા જો કે બરાબર નથી પરંતુ કથાઓ ખાસ વાંચવા લાયક છે. વીશસ્થાનક તપ કરનારાઓ માટે આ કથાઓ ખાસ ઉપયોગી છે. બુકના પૃષ્ઠ એકંદર ૪૧૬ થવાથી અને બુક પાકી બંધાવેલી હોવાથી રાખેલી કિંમત બહુ વધારે નથી. પરંતુ જો કિંમત આઠ આના રાખી હોત તો વધારે ફેલાવો થઇ શકત. તે સાથે વિધિ પણ તપગચ્છની આમ્નાયનો મેળવીને દાખલ કર્યો હોત તો વધારે ઉપયોગી થઇ શકત.

આ બંને બુક ચાલુ વર્ષમાંજ બહાર પડેલી છે અને મિતિ આપેલી ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવાથી પહેલી કઇ ને પછી કઇ તે કહી શકાય તેમ નથી. તપ કરવાની લાગણી જાગૃત થવા માટે અને સારી રીતે આરાધન થવા માટે આવી બુકો ખાસ ઉપયોગી છે. અમને પહેલી બુક પ્રસિદ્ધ કર્ત્તા તરફથી અને બીજી બુક એક ગૃહસ્થ તરફથી ભેટ મળતાં તેની પહોંચ આપવા સાથે સંક્ષિપ્ત અવલોકન કર્યું છે.

## पैसा खरच्या विना स्वर्गे जवानो एक रस्तो.

ઘણા દયાળુ લોકો પણ આળસ તથા બેદરકારી તથા અવિચારથી પોતાના ઘરના વાડામાં, ઓરડાઓમાં તથા બીજી જગાઓએ કરોળીયાઓનાં જાળાં થવા દે છે, અને તેવાં જાળાંઓમાં સંખ્યાબંધ માખીઓ, તથા બીજા જંતુઓ સપડાઇ જાય છે, અને **ઘણાં રીબાઇ રીબાઇને મરે છે.** તે પાપનો બરાબર ખ્યાલ તો તે પ્રાણીઓને તરફડતાં જોનારાનેજ આવી શકે.

વાસણમાં પાણી ઘણો વખત રાખવાથી તેમાં સેંકડો પુરા પેદા થાય છે, અને તેવું પાણી સંડાસમાં વાપરવાથી, નહાવા માટે ગરમ કરવાથી, પીવાથી કેટલી બધી **ત્રાસદાયક હિંસા** થાય, અને તે સાથે વળી જે માણસો તેવું પાણી પીએ તેમની તંદુરસ્તીને પણ કેટલું નુકશાન થાય તેનો ખ્યાલ સમજુ આત્માઓ કરી શકશે.

ઘરની સફાઇની ખાતર, પોતાનાં કુટુંબની તંદુરસ્તીની ખાતર, તથા **સેંકડો જીવોને ત્રાસદાયક રીતે પીડાઇને-રીબાઇ રીબાઇને મરતા બચાવીને** એક પણ પૈસો ખરચ્યા વિના સ્વર્ગ મેળવવાની ખાતર સમજુ આત્માઓ પોતાના ઘરમાં કરોળીયાના જાળાં થવા ના દે, તથા વાસણોમાં પાણી વાસી થવા ના દે, એવી મારી પ્રાર્થના છે.

**લાભશંકર લક્ષ્મીદાસ.**

## संप.

સંપથકી સુખ ઉપજે. સંપે સંકટ જાય; સૂત્રતંતુ ઝાઝા મળે, કઠણ દોરડું થાય. ૧
વૃક્ષ વૃક્ષમાં ઉછરે, એકલડું કરમાય; સંપ થકી જે ઉપજે, કુસંપથી નહીં થાય. ૨
બે હાથે તાળી પડે, એકે સરે ન કાજ; સંપ સાર સંસારમાં, સંપ વધારે લાજ. ૩
ટોળાથી છુટો પડયો, મૃગલો ખોવે પ્રાણ; કડવું બીજ કુસંપનું, રોપે નહીં સુજાણ. ૪
ગયાં રાજ્ય હિંદુતણાં, થયા પછી સુલતાન: સંપવિના ઉડી ગયા, રહ્યાં ન નામ નિશાન. ૫
પાંડવ કૌરવ સંપવિણ, કીધું ક્ષય નિજ કુળ; કુસંપથી કે જન થયા, સ્વજનવર્ગ પ્રતિકૂળ. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ના ખા સૂઝરવા માટ

## સોનેરી તક.

દયાજનક સ્થિતિ ભોગવતા અમારા કાઠીઆવાડી ભાઈઓ માટે **શ્રી જૈન હુન્નરશાળા** કાઠીઆવાડના સેન્ટર તરીકે ગણાતા **વઢવાણ કેમ્પમાં** ખોલવામાં આવી છે.

વિશેષ ખુલાસા માટે નીચેને શીરનામે લખો.

**ખેતશી પાનાચંદ.**
સેક્રેટરી, શ્રી જૈન હુન્નરશાળા.

## ज्ञान चर्चा.

૧ કર્મ ગ્રંથમાં **અધ્યવસાય સ્થાન** શબ્દનો શોભાવાર્થ છે ?

૨ अ–**ભાવકર્મનું** દ્રવ્ય શું ?

ब–એ જીવ છે કે પુદ્ગળ ?

क–આત્માની વિભાવ ક્રિયા શું ભાવ કર્મ છે ?

ड–કે પુદ્ગળની વિભાવ ક્રિયા છે ?

इ–કે આત્મા અને પુદ્ગળ વચ્ચેનો સંબંધ છે ?

પ્રથમનો પ્રશ્ન જર્મન ભાષામાં કર્મ ગ્રંથનું ભાષાંતર કરનારનો છે અને બીજા બે યુરોપીય જૈનના છે.

ઉત્તર અમારા તરફ લખી મોકલવા તે આ માસીક દ્વારા પ્રગટ કરવામાં આવશે.

## વીરમગામના નવા મેમ્બરનું નામ.

વહોરા વાડીલાલ પુરૂષોત્તમ છે.

## શ્રી ધોલેરા જૈન જ્ઞાન પઠનપાઠન શાળાનો બીજો વાર્ષિક મહોત્સવ.

આ મહોત્સવ તે શાળાની સ્થાપક **શ્રી જૈન જ્ઞાન પ્રવેશક સભા** તરફથી શ્રાવણ શુદિ **૧** મે કરવામાં આવ્યો હતો. તે દિવસે **શ્રી ઉગામેડીવાળા શેઠ કેશવલાલ વેલશીભાઈ** તરફથી પીસ્તાળીશ આગમની પૂજા ભણાવવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીએ તથા સભાસદે તેનો લાભ લીધો હતો. રાત્રે સભાની ઓફીસમાં મેળાવડો કરવામાં આવ્યો હતો અને તેમાં બે વર્ષનો રીપોર્ટ વાંચી સંભળાવવામાં આવ્યો હતો. પહેલા વર્ષ કરતાં બીજા વર્ષમાં અભ્યાસીની હાજરીમાં સારો વધારો થયો હતો. આ મંડળનો ઉત્સાહ પ્રશંસાપાત્ર છે અને શાળા દરેક પ્રકારની મદદ કરવા લાયક છે. શ્રીમંતોને પરમાર્થ કરવાનો આ ફેશલ ને સીધો રસ્તો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તકપ્રસિદ્ધ ખાતું.

( થોડા વખતમાં બહાર પડશે )

૧ શ્રી શાંતસુધારસ. ટીકા સહિત.

૨ કુવલયમાળા ભાષાંતર. ( અત્યંત રસીક ને ઉપદેશક કથા. )

( છપાય છે )

૩ શ્રી પઉમચરિયમ્ ( માગધી ગાથાબંધ ) રામચરિત્ર.

૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર. સંસ્કૃત ગદ્યબંધ.

૫ શ્રી આનંદઘનજીના ૫૦ પદો. વિવેચન સહિત.

૬ પ્રકરણોના સ્તવનોનો સંગ્રહ. ( બીજી આવૃત્તિ )

૭ જ્ઞાનપંચમીને લગતી તમામ બાબતોનો સંગ્રહ. ( જ્ઞાનના આઠ આચાર કથા સાથે, બે અષ્ટક, પંચજ્ઞાનની પૂજા, બીજી પૂજાઓ, ચૈત્યવંદન, મોટું સ્તવન, સ્તુતિ, સઝાય, જ્ઞાનપાંચમના દેવ અર્થ સહિત વિગેરે )
શેઠ જમનાભાઈ ભગુભાઈ તરફથી

૮ મનુષ્યભવની દુર્લભતાના દશ દૃષ્ટાંતો.

( તૈયાર છે )

૯ અધ્યાત્મસાર ગ્રંથ ટીકા સહીત.

૧૦ ,, ભાષાંતર સહીત.

૧૧ ઉપદેશપ્રાસાદ મૂળ સ્થંભ ૬.

૧૨ સૂક્ષ્માર્થ વિચારસારોદ્ધાર સાર્દ્ધશતક. ( શ્રીજિન વલ્લભસૂરિ કૃત ) શ્રી ધનેશ્વરાચાર્ય કૃત ટીકા સહીત. ( કર્મને લગતો પ્રાચીન ગ્રંથ )

( તૈયાર થાય છે )

૧૩ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.

૧૪ શ્રી પરિશિષ્ટ પર્વનું ભાષાંતર.

૧૫ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર.

આ ગ્રંથો પૈકી નંબર ૩ ને ૧૨ વાળા ગ્રંથો માટે સહાયકની અપેક્ષા છે. જે ગૃહસ્થોને પોતાના દ્રવ્યનો જ્ઞાનવૃદ્ધિના કાર્યમાં સદુપયોગ કરવો હોય તેમણે અમને લખવા તસ્દી લેવી. પત્રવ્યવહારથી તેનો નિર્ણય કરવામાં આવશે. તંત્રી

## ગ્રાહકોને ખાસ સૂચના.

ગ્રાહકો પાસેનું લેણું લવાજમ વસુલ કરવા માટે ધનપાળ પંચાશિકા ને ... તથા લક્ષ્મી સરસ્વતીના સંવાદની બુક વેલ્યુપેબલથી મોકલવામાં આવે છે તે સ્વીકારી રકમ આપીને લઈ લેવાનું ધ્યાનમાં રાખવું.

For Private And Personal Use Only